શ્રી યશોવિજયજી
જૈન ગ્રંથમાળા
દાદાસાહેબ, ભાવનગર.
ફોન : ૦૨૭૮-૨૪૨૫૩૨૨
૩૦૦૪૮૪૬
૨૨15

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ॐ

॥ सद्गुरुश्रीमद्बुद्धिसागरसूरीश्वरपादपद्मेभ्योनमः ॥

# गुरुपदपूजा.

प्रकाशक—

**शा. सामलदास तुलजाराम**

**मु. प्रांतिज.**

लेखक—

**प्रसिद्धवक्ताआचार्यश्रीमद्अजितसागरसूरि.**

वि. संवत् १९८२. बुद्धि संवत् १.

फाल्गुन शुक्ल ३.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

॥ ॐ वन्दे श्रीमहावीरम् ॥

# निवेदन.

---

आ दुनियामां दश दृष्टांते दुर्लभ एवो मानव भव पामी आत्मसाधन करवुं एज सौथी प्रथम कर्त्तव्य छे. हवे ते आत्मसाधन तत्त्वज्ञान शिवाय सिद्ध थतुं नथी. वली ते तत्त्वज्ञाननी प्राप्ति सद्‌गुरुद्वारा थइ शके छे.

कारण के विशाल नेत्र छतां पण अंधकारमां रहेली वस्तु जेम माणसो देखी शकता नथी, तेम अज्ञानथी आवृत्त बुद्धिवाला पामर पुरुषो ज्ञेय वस्तुने ओलखी शकता नथी. माटे सद्‌गुरुनो आश्रय एज मुख्य ज्ञान साधन छे. कारणके ॥ नास्ति तत्त्वं गुरोः परम् ॥ गुरुथी अन्य कोइ श्रेष्ठ वस्तु नथी. तेमज गुरुतत्त्व विनिश्चयमां पण कह्युं छे केः—

गुरु आणाए मुक्खो, गुरुप्पसायाउ अट्ठसिद्धिओ।
गुरुभत्तीए विज्जा, साफल्लं होइ णियमेणं ॥१॥

गुरुनी आज्ञा प्रमाणे प्रवृत्ति करवामां आवे तोज मोक्ष लाभ थइ शके. गुरुमहाराजनी प्रसन्नताथीज अष्टसिद्धिओ प्राप्त थाय छे. गुरुभक्ति विना विद्याभ्यास करवामां आवे छतां

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

पण सफल थतो नथी. अहो ! गुरुप्रभाव केवो अलौकिक छे, जेनो अवधि पण आंकी शकातो नथी.

शरणं भव्व जिआणं, संसाराडविमहाकलम्मि ।
मुत्तुणं गुरु अन्नो, णात्थि णहोही णविय हुत्था ॥२॥

आ जगत्नी अंदर मृषावादी असद्मार्गना उपदेशको तो घणाए दृष्टिगोचर थाय छे. परंतु मितभाषी सन्मार्गना यथार्थ उपदेष्टा गुरु तो क्वचितज होय छे, तेवा सद्गुरु विना अन्य कोइपण भव्य जीवोने संसाररूप अति गहन अटवीमां शरण छे नही. भविष्यमां पण गुरु शिवाय अन्य त्राता नथी, तेमज प्राचीन कालमां पण गुरु एज उद्धारक थएला छे. माटे त्रणे कालमां गुरु शिवाय कोइनो उद्धार थतो नथी.

गुरुभक्तिथीज आ संसारसागर तरवानो छे अने गुरु शिवाय अज्ञान टलवानुं नथी.

जह दीवो अप्पाणं, परंच दीवइ दित्ति गुणजोगा ।
तह रयणत्तयजोगा, गुरूवि मोहंधयारहरो ॥ १ ॥

हे भव्यात्माओ! जेम दीपकमां प्रकाशक गुण रहेलो छे, जेथी ते पोताने अने परपदार्थने प्रकाशित करे छे. तेवीज रीते ज्ञान, दर्शन अने चारित्ररूप रत्नत्रयना आराधक होवाथी गुरुपण मोहरूपी अंधकारने दूर करी पोताने अने परने दीपावे छे.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

माटे ज्ञानदाता गुरु आ विश्वमां पूज्यतम छे. गुरु संबंधि महिमा शास्त्रोमां बहुधा प्रतिपादन करवामां आव्यो छे.

उपरोक्त गुरु गुणयुक्त शास्त्रविशारद जैनाचार्य योगनिष्ठ सद्गुरु श्रीमद् बुद्धिसागर सूरीश्वरजी वि० सं० १९८१ ना जेठ वदी ३ मंगलवार प्रभातमां सवाआठ वागे विजापुर मुकामे स्थूल देहनो त्याग करी परमपदने प्राप्त थया. तेओश्री जैन जैनेतर समग्र प्रजाने केटला उपकारकारक अने केटला प्रिय हता तेनो उल्लेख करवा करतां तेओश्रीना देहांत समाचार जाणतां देशदेशांतरोना कागलो अने तारो अमारा पूज्य गुरुश्रीना उपर आवेला के जे हालमां मु. पादरा अध्यात्म ज्ञानप्रसारक मंडल तरफथी छपाइने बहार पड्या छे, ते वांचवाथी सर्व कोइना जाणवामां आवशे. वली प्रातःस्मरणीय गुरुदेव सदाने माटे आपणा पुष्टावलंबनरूपे उपकार कर्याज करे तेवा हेतुथी गुरुप्रतिमाने गुरु समान मानी गुरु विरहे गुरु स्थापना पण गुरु समानज छे. ए हेतुथी गुरुश्रीनो जे स्थले अग्नि संस्कार करवामां आव्यो हतो ते स्थले अमारा गुरु महाराजना सदुपदेशथी समग्र जैन संघना उदार हाथ नीचे विजापुरना जैनसंघे मनोहर समाधिमन्दिर तैयार करावी तेमां गुरुमूर्त्ति स्थापन करी छे. ते मंगलमय मूर्त्तिनी पूजा माटे घणा मुनिओ तथा सद्गृहस्थो तरफथी मागणीओ थवाथी गुरुभक्ति निमित्ते अमारा परमपूज्य गुरुश्री अजितसागरसूरिजीए सुल-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

लित भाषामां प्रशस्त भावथी भरपुर आ बन्ने गुरुपद पूजाओ, आरती, मंगल प्रदीप अने गुरुदेवना मुख आगल प्रार्थना करवानां स्तवनो विगेरे तैयार करी आप्यां छे. ते जाहेर करतां आजे मने अति आनन्द थाय छे.

ॐ अर्हं शान्तिः ॥३॥

विजापुर
फागण सुद ३ सोम
वि. १९८२
बुद्धि. सं. १

ले. मुनि हेमेन्द्रसागर.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

श्री

# अथगुरुपूजाभणाववानो विधि.

उपाश्रयनी अंदर अथवा अन्यस्थानमां गुरुनां पगलां स्थापवां, अथवा केशरचंदननी बे पादुका किंवा चोखानी पादुकाओ करवी, अगर गुरुनी प्रतिकृति (छबी) होय तो ते स्थापवी. स्नात्र भणाववानी आवश्यकता नथी. जलपूजानो कलश जलपूजा भणावीने आगल भागमां स्थापन करवो, पाषाण धातु विगेरेनी गुरुमूर्त्ति होय तो तेनी उपर जलनो अभिषेक करवो. तेमज चंदन पूजा विगेरे जिन प्रतिमानी माफक करवी. पाषाणनां पगलां होय तो ते उपर जलाभिषेक तथा चन्दन, पुष्प विगेरे प्रतिमानी पेठे चढाववां, धूप, दीप तेमनी आगल स्थापन करवां, पगलां अथवा मूर्त्तिनी आगल स्वस्तिक नैवेद्य फलने ढांकवां, केशर चंदननी पादुकाओ करी होय तो तेमनी आगल जल कलशादिक स्थापन करवां. जिन मंदिरमां गोखलानी अंदर गुरुमूर्त्ति अथवा पादुकाओ होय तो श्री जिनप्रतिमानो मूळ गभारो बंध करीने गुरुपादुका किंवा गुरुमूर्त्तिनी आगळ गुरु पुजा भणाववी. अरिहंत भगवान् जेम परमेष्ठी छे, तेम आचार्य, उपाध्याय अने मुनि ए त्रण पंचपरमेष्ठीमां रहेला छे. तेथी तेमनी मूर्त्ति तथा पादुकाओ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

करवामां आवे छे अने ते जिनमूर्त्ति तथा जिनपादुकानी माफक पूजवा योग्य छे, सूरिपदधारक जे मुनिए जे दिवसे देहोत्सर्ग कर्यो होय, ते दिवसे भक्तिभावथी गुरुपूजा भणाववी, स्नात्रिआओने मिष्टान्नथी जमाडवा, तेमज तेमने मोदक आदिनी प्रभावना करवी. पूजामां आवेला सर्व साधर्मिक बन्धुओनी प्रभावनापूर्वक भक्ति करवी, एटलुंज नहीं पण शक्ति होय तो जमण पण करवुं. पादुका अगर मूर्त्ति आगल उत्सव करवो. सांजना समये टोळी बेसाडी गुरुभक्तिनां स्तवनो तथा गायनो गावां. गुरुभक्ति निमित्ते साधु साध्वीनी विशेष सेवा भक्ति करवी. गुरुचरित्रनुं व्याख्यान सांभळवुं. ते निमित्ते धार्मिक पुस्तको छपाववामां यथाशक्ति उद्योग करवो. गुरुनो महिमा वधारवामां प्रमाद करवो नहि. गुरुश्रीना उपदेश प्रमाणे सद्वर्त्तन करवुं. गुरु पादुका तथा गुरुमूर्त्तिनी सुगंधित पुष्पोथी पूजा करवी.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# गुरुपद पूजा.

प्रणम्य सिद्धार्थसुतं वरेण्यं, तनोमि पूजां गुरुसिद्धिसौधम् ।
श्रीसद्गुरूणामुपदेशखानीं, भक्तिप्रभावोल्लसदात्मशक्तिः ॥
सकलवृद्धिकराय महात्मने, निखिलकर्ममलक्षयकारिणे
गुरुवराय वरिष्ठगुणात्मने, जलमहं विमलं परिकल्पये ॥१॥

ॐ ह्रीं श्रीं गुरुपदपूजार्थं जलं समर्पयामि–

त्रिविधतापहराय शुभात्मने, जगति जन्मवतां सुखदायिने ।
कुमतिकर्दमवृन्दविशोषिणे, परिदधाम्यतिशीतलचन्दनम् ॥२॥

ॐ ह्रीं श्रीं गुरुपदपूजार्थं चन्दनं समर्पयामि–

सुरभिदहगुणेन सुवासित–सकलभूवलयाय जितात्मने ।
सुरनरेन्द्रगणस्तुतकर्मणे, सुगुरवे कुसुमानि यजामहे ॥३॥

ॐ ह्रीं श्रीं सद्गुरुपदपूजार्थं पुष्पाणि यजामहे–

विषयवाजिवशीकरणौजसे, मदविषोद्धरणोत्तमशक्तये ।
मतिमतां हृदि निश्चितमूर्त्तये, गुरुवराय सुधूपमहं यजे ॥४॥

ॐ ह्रीं श्रीं सद्गुरुपदपूजार्थं धूपं समर्पयामि–

भविकनिर्मलबोधविकासिने, प्रथितकीर्त्तियशोविशदात्मने
प्रहतकर्मचयाय तमोहरं, विशददीपमहं परिकल्पये ॥५॥

ॐ ह्रींश्रीं सद्गुरुपदपूजार्थं दीपं यजामहे ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

भवभयक्षतिकर्मविधायकान्, शुभगुणाचरणोत्तमशिक्षकान् ।
शिवनिकेतनकेतनतुल्यकान्, परिदधामि पवित्रतराक्षतान ॥६॥

ॐ ह्रीँ श्रीँ सद्गुरुपदपूजार्थं अक्षतान् यजामहे ॥

जैनेन्द्रशासनधुरन्धरपुङ्गवाय,
ज्ञानात्मने विजितलौकिकभावनाय ।
श्रद्धालतानविनवारिधराय शुद्धं,
नैवेद्यमुत्तममहं विनिवेदयामि ॥ ७ ॥

ॐ ह्रीँ श्रीँ सद्गुरुपदपूजार्थं नैवेद्यं यजामहे–
त्रैलोक्यतारकगुणाय वरप्रदाय,
सर्वात्मना विहितजन्तुदयोदयाय ।
निर्वृत्तिधर्मपथदर्शकनायकाय,
सम्यक् फलानि शुभदानि निवेदयामि ॥८॥

## कलश.

पूजाभिरष्टधा नित्यं, यो नरः पूजयिष्यति ।
गुरुपादाम्बुजद्वन्द्वं, तं शिवश्रीर्वरिष्यति ॥१॥

ॐ ह्रीँ श्रीँ सद्गुरुपदपूजार्थं फलानि समर्पयामि स्वाहा.

इति गुरुपद पूजा समाप्ता.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ॐ

# गुरुपदपूजा.

## योगनिष्ठश्रीमद् बुद्धिसागरसूरीश्वरपूजा.

### जन्म अने बालचरित्ररूप प्रथम जलपूजा ॥ १ ॥

दुहा—

विनयसहित श्रीगुरुपदे, प्रेमे करुं प्रणाम;
ज्ञानवडे जेणे दीधो, अंतरमां आराम ॥ १ ॥
अनंत भवमां भटकतां, हेते झाल्यो हाथ;
प्रेमदीपकथी पिंडमां, निरख्यो निरमल नाथ ॥ २ ॥
सरस्वती मुजवदनमां प्रेमे पूरो वास;
महावीर करुणा करी, पूर्ण मटाडो प्यास ॥ ३ ॥
अविचल भक्ति आपजो, बुद्धि सिन्धुमुनिराज ।
आगमपंथ कीधो सुगम, सदा रहो शिरताज ॥ ४ ॥
जप तप संयम सर्व पण, गुरु सेवनथी थाय;
सफल कर्यो मुज आत्मने, सफल करी मुज काय ॥५॥

ढाल—मारी आंखडलीने आश—ए राग.

जय बुद्धिसागर मुनिराज, नरभव सफल कर्यो;
कर्यो पावन गुर्जदेश, परहित देह धर्यो, ए टेक.
सर्व देशनो शिरोमणि छे, गुणनिधि गुर्जर देश जो;
ते केरा उत्तम शुभ प्रांते, साबर वहे हमेश; नरभव स. ॥१॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

गायकवाडी राज्य दीपे छे, प्रेमधर्म प्रतिपालजो,
महाराजाश्री सयाजी नृपनी, वरते आण विशाल; नर. ॥२॥
त्यां आगल शोभे छे सारुं, वीजापुर शुभ गामजो;
पाटीदार तणा त्यां जन्म्या, नाम बेचर गुण धाम. नर. ॥३॥
पूर्व जन्मनुं पुण्य हतुं ने, सरस हता संस्कारजो;
बुद्धिबल पण बालपणामां, गणतां नावेपार. नर. ॥४॥
सरकारी नीशाले बेठा, गुजराती अभ्यासजो;
साते धोरण शीखी लीधां, धरी गुरुमां विश्वास. नर. ॥५॥
श्रावक करी वस्ती सारी, वीजापुर शोभायजो;
आवनजावन मुनिजन करता, दरवर्षे दरशाय. नर. ॥६॥
बुद्धिविलोकी विद्यागुरुजी, पूरण राखे प्रेमजो;
गुरु करुणाथी आवेघटमां, विद्या करवा क्षेम. नर. ॥७॥
गुरुजनने सहवासी सघला, उरमां धारे एमजो;
अति संस्कारी आ बालक छे, माटे राखे रहेम. नर. ॥८॥
पुत्रतणां लक्षण पारणीये, सहजपणे समजायजो;
अजितसागर विनती उचरे, आत्मा ईश्वर थाय; नर. ॥९॥

काव्य.

सकलवृद्धिकराय महात्मने, निखिल कर्ममलक्षयकारिणे ।
गुरुवराय वरिष्ठगुणात्मने, जलमहं विमलं परिकल्पये ॥१॥
ॐ ह्रीं श्रीं गुरुपदपूजार्थं जलं समर्पयामि स्वाहा.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## सत्संगतिरूपा द्वितीयचंदनपूजा ॥ २ ॥

दुहा.

सत्संगति ए दीप छे, कुबुद्धि छे अंधार;
सत्संगतिथी पामीये, विराग विवेक विचार; ॥१॥
सत्संगतिसम सृष्टिमां, एक नही उपचार;
पारससंग लोहनुं, सोनुं बने सुखकार; ॥२॥
सत्संगतिथी सुधर्यां, जगमां आत्म अनंत;
सत्संगति दे सहजमां, भवतारण भगवंत. ॥३॥
सत्संगति नित्ये करो, करवा भवनिस्तार;
क्षणिक सुख लय पामशे, उपजे शांति अपार. ॥४॥
अगरचंदनना संगनो, महद जुओ महिमाय;
अन्यवृक्ष निजसम करे, जीवनो शिव बनी जाय; ॥५॥

ढाल—आवो आवो जशोदाना कंत-ए राग.

नथुभाईनो निर्मल भाव, जाग्यो सारोरे;
जेणे कराव्यो सद्गुरु संग, सुख करनारोरे; ॥१॥
सुखसागर श्री मुनिराज, जपतप भरीयारे;
ए तो श्रावक धर्मना सार, कर्मना दरियारे. ॥२॥
बेसी एमनी पास अनेक, शास्त्र सांभलियारे
माटे निर्मल एमनां चित्त, भक्तिमां भलियांरे. ॥३॥
एवा संगतना सुप्रताप, प्रीति बंधाणीरे;
जैन धर्म विषे विश्वास, वस्तु बरताणीरे. ॥४॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

शास्त्र सांभळवाथी स्हेज, विपदा वामेरे;
अति दुर्लभ शिव पुरपंथ, प्राणी पामेरे. ॥५॥
माटे शास्त्र श्रवण हररोज, कोडे करीयेरे;
धरी आगममांही लक्ष, भवजल तरीयेरे. ॥६॥
बांधी प्रभुना संगाथे प्रीत, प्रीत विचारीरे;
जैनधर्म साचो छे एम, दृढमति धारीरे; ॥७॥
कर्यो लक्ष विषेथी अलक्ष, पक्ष तजीनेरे,
कीधी सद्गुरुनी सेवाय, स्नेह सजीनेरे. ॥८॥
माटे नरभव पामीने जेह, सत्संग करशेरे;
तेनो लक्षचोराथी स्हेज, आत्मा उद्धरशेरे. ॥९॥
थयो जैन विषे अनुराग, शास्त्र श्रवणथीरे;
थाय अजित जगतमांहि जित, जन्ममरणथीरे. ॥१०॥

काव्य.

त्रिविधतापहराय शुभात्मने, जगति जन्मवतां सुखदायिने ।
कुमतिकर्दमवृन्दविशोषिणे, परिदधाम्यतिशीतलचन्दनम् ।१।
ॐ ह्रीँ श्रीँ गुरुपदपूजार्थं चन्दनं समर्पयामि स्वाहा.

---

सम्यक्त्व ग्रहणरूपा तृतीयपुष्पपूजा. ॥३॥

दुहा.

आगमज्ञान विना कदी, मानव मोक्ष न जाय;
वस्तुमात्रनां तत्त्व ते, आगमथी समजाय ॥१॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

मूढ बुद्धिनां मानवी, करतां तर्क अनेक;
पण प्रमाण आगम विना, नावे सत्य विवेक ॥२॥

अंधारुं अज्ञानमय, आगमदीप सुहाय;
अंधारुं दीपक वडे, जाय हृदय समजाय ॥३॥

अंधजनोने लाकडी, अवनीपर आधार;
ज्ञानअंध आगमथकी, निश्चित देशे जाय ॥४॥

ईश्वरने अवलोकवा, आगम सत्य प्रमाण;
बुद्धिसागरनुं थयुं, आगममां शुभ ध्यान ॥५॥

ढाल— कानुडो न जाणे मारी प्रीत. ए राग.

समकित माटे सद्गुरु देव,—केरुं शरण ग्रही ल्योरे. सम० ए टेक.

शास्त्र श्रवणथी समकीत थाशे, जन्मोजन्मना रोगज जाशे;
आनंद मंगल थाशे हमेश, विभुने सहज वरी ल्योरे. सम०॥१॥

जे जे मार्गे प्रभु उर आवे, ते ते पथ सद्गुरु समजावे;
पामे जेवुं वावे तेवुं, साचे ठाम ठरी ल्योरे. सम०॥२॥

अनादिकालथी आत्म भटकतो, एक ठाम कदी नथी पल टकतो;
शांति नथी वरी शकतो लेश, दीलडामांही डरी ल्योरे. सम०॥३॥

क्लेश बधा मनमांथी कापो, आत्मदेवने अनुभव आपो;
स्थिरतामां मन स्थापो बेश, धणीनुं ध्यान धरी ल्योरे. सम०॥४॥

अखंड अनुभव थाशे सारो, देखाशे भवसिन्धु किनारो;
भव तरवानो वारो एज, श्रेयस काम करी ल्योरे. सम०॥५॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

अवळां शास्त्रो अवळां थाशे, जीवडा केरुं जोखम जाशे;
सुखना वायु वाशे हमेश, सुंदर देव स्मरी ल्योरे. सम०॥६॥
तृष्णा मनडुं तनथी त्यागे, अखंड वरना पद अनुरागे;
जगमग ज्योति जागे बेश, निर्मल पथ विचरी ल्योरे. सम०॥७॥
आगम श्रवण कर्यां जेवारे, निश्चय कीधो प्रभुनो त्यारे;
गुरुवाणी उर धारे देव, नाम प्रभुनुं उचरी ल्योरे. सम०॥८॥
बुद्धिसागर सद्गुरु राजा, धर्मग्रन्थ सांभळिया झाझा;
अजित गरीब निवाजा आप, भवनुं भातुं भरी ल्योरे. सम०॥९॥

काव्य.

सुरभिदेहगुणेन सुवासित—सकलभूवलयाय जितात्मने ।
सुरनरेन्द्रगणस्तुतकर्मणे. सुगुरवे कुसुमानि यजामहे ॥१॥

ॐ ह्रीँ श्रीँ सद्गुरुपदपूजार्थं पुष्पाणि यजामहे स्वाहा—

---

देशविरतिग्रहणस्वरूपा चतुर्थी धूपपूजा. ॥४॥

दुहा.

विश्वतणा भोगो विषे, रोग तणो भय छेज;
उंचा कुळमां पतननो, तेमज भय वरतेज ॥१॥
धनिकने धनक्षय तणो, भय अतिशय वरताय;
राजाने परसैन्यनो, भय भासेज सदाय ॥२॥
कायाने भय मरणनो, मायाने भय ज्ञान;
अशांतिनो भय शान्ति छे, अमानिनो भय मान. ॥३॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

पींड अने ब्रह्मांडमां, भय गाजे छे काल;
काले कोइ बचे नही, अंते काल कराल. ॥४॥
माटे शाणा समजीने, घटमां धरी वैराग;
निर्भय देशे जाय छे, देश विरति अनुराग ॥५॥

ढाल-ओधव क्यारे आवशो वनमालीरे.-ए राग.

श्रावक केरा वृत्तनी बलीहारीरे, अंते आतमने ले उगारी.
श्रावक० ए टेक.

प्रगट्यो श्रावकधर्ममां प्रेमरे, जेमां सुन्दर कुशल क्षेमरे;
माटे तजीये कदी तेने केम ? श्रावक० ॥१॥
गुरुदेव श्रावक व्रत पालेरे. जुठुं बोले नही कोइ कालेरे;
व्रतधारी सुधर्म विशाले, श्रावक० ॥२॥
सुखसागर सद्गुरु पासेरे, श्रावकधर्म रह्या विश्वासेरे;
मन वरताणुं धर्म उल्लासे, श्रावक० ॥३॥
वेचरदासनुं मन रुडुं गलियुंरे, भाव भक्ति विषे दृढ भलियुंरे;
वृत जपमांही चित्तडुं वलियुं. श्रावक० ॥४॥
षडावश्यक स्नेहे साधेरे, भाव वैराग्यमां रुडो वाधेरे;
सदा स्नेहे गुरुने आराधे. श्रावक० ॥५॥
दुर्लभ सद्गुरु केरी सेवारे, एवी सेवा मांही रुडा मेवारे;
जेमां भाव वैरागना लेवा. श्रावक० ॥६॥
दीक्षा लेवामां प्रेम प्रगटियोरे, मोह विश्वनां सुख केरो मटियोरे;
जैनधर्म हृदयमांही रटीयो. श्रावक० ॥७॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

पुण्य पूर्वतणां घणां जाग्यांरे, सुख साधु तणां सारां लाग्यांरे;
दान गुरु पासे दीक्षानां माग्यां. श्रावक० ॥८॥
होय सत्यवैराग्यमां भावरे, पडशे प्रभुनो हृदयमां प्रभावरे;
अजितसागरनो ए ठराव. श्रावक० ॥९॥

काव्य.

विषयवाजिवशीकरणौजसे, मदविषोद्धरणोच्चमशक्त ये।
मतिमतां हृदि निश्चितमूर्त्तये, गुरुवरायसुधूपमहं यजे ॥१॥
ॐ ह्रीँ श्रीँ सद्गुरुपदपूजार्थं धूपं समर्पयामि स्वाहा ॥

---

दीक्षाग्रहणस्वरूपा पंचमी दीपपूजा ॥५॥

दुहा.

साधुपदथी सृष्टिमां, उपजे उत्तम ज्ञान;
अनुकुलता सर्वे रीते, धरवा प्रभुनुं ध्यान ॥१॥
पंचमहाव्रत पालतां, आवे दीव्य प्रदेश;
आ दीव्य आत्मा धारतो, दीव्य प्रभुनो वेष ॥२॥
सहु साधनमां श्रेष्ठ छे, मुनिना पंचाचार;
ग्रहस्थ करतां श्रेष्ठ छे, त्याग दशा सुखकार. ॥३॥
त्याग विना मुक्ति नथी, भाखे श्री भगवंत;
जन्म मरणना रोगनो, आवे त्यागे अंत. ॥४॥
समजु लोके समजवो, मीथ्या आ संसार;
त्याग दशाए पामवो ऊर्ध्वलोक सुखकार. ॥५॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ढाल बनजारा—राग.

छे साधु पद सुखकारी, मनमां समजो नरनारी; ए टेक.

तारामां सूरज जेवो, साधुभव समजो एवो;
ज्यां प्रभुरस पूरण लेवो. छे साधु. ॥१॥

छठ्ठा गुण स्थानक जावा, वलि पूरण पावन थावा;
छे अनुभव ल्हावा. छे साधु. ॥२॥

जेवो अणुथी मोटो मेरु, मोटुं कंकरथी जेवुं देरुं;
एवुं जीवन मुनिजनकेरुं. छे साधु. ॥३॥

ज्यां अनुपम सुख प्रसरे छे, विपदा जगनी विसरे छे;
मुनि हरदम प्रभु उच्चरे छे. छे साधु. ॥४॥

सुखकारक जगमां साधु, जेणे आत्मतणुं सुख स्वाद्युं;
मन विश्वपतिमां वाध्युं. छे साधु. ॥५॥

लीधी दीक्षा शिव सुखदाई, गण्यां जूठां भाइ भोजाई;
स्वीकारी—भली साधुताई. छे साधु. ॥६॥

बुद्धिसागर धार्युं नाम, थया पोते पूरणकाम;
ब्रह्मचर्य धर्युं सुखधाम. छे साधु. ॥७॥

ओगणीसें सत्तावन वर्षे, मागशर सुदी सातम दिवसे;
लीधी दीक्षा अतिशय हर्षे. छे श्रावक. ॥८॥

मुज मन मन्दिरमां राजो, जय जय गुरुजीनी थाजो;
कीर्त्ति जगमां प्रसराजो. छे साधु. ॥९॥

सुखसागर गुरु शिर कीधा, जैन धर्मना ल्हावा लीधा;
पछी अजित प्रभु रस पीधा. छे साधु. ॥१०॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

काव्य.

भविकनिर्मलबोधविकासिने, प्रथितकीर्त्तियशोविशदात्मने ।
महतकर्मचयाय तमोहरं, विशददीपमहं परिकल्पये ॥११॥

ॐ ह्रींश्रीं सद्गुरुपदपूजार्थं दीपं यजामहे स्वाहा ॥

---

गुरु सेवारूपा षष्ठी अक्षत पूजा ॥ ६ ॥

दुहा.

सद्गुरुनी पासे रही, सेवा करता नित्य;
वण सेवा मेवा नही, ए सेवानी रीत. ॥१॥
महा वाट परलोकनी, गुरुविण नावे पार;
सद्गुरुनी सेवावडे, झट आवे निस्तार. ॥२॥
अंधारी आ रातमां, सूझ पडे नही रंच;
असत्य सत्य जणाय छे, ए मिथ्या छे संच. ॥३॥
हृदयद्वार सद्गुरु विना, कोण उघाडणहार ?
सद्गुरु सेवन पुण्यनो, गणतां नावे पार. ॥४॥
गुरु गुरु गुरु मुखे रटे, धरे प्रभुनुं ध्यान;
ए साधुनो धर्म छे, पामे पद निर्वाण. ॥५॥

ढाल—आवजो आवजो आवजोरे-व्हेनी ? राग.

सेवा थकी सर्व सुख सांपडे, गुरुनी रुडी सेवा थकी,
सर्व सुख सांपडे;
मुक्ति तणी जुक्ति हाथमां जडे, गुरुनी रुडी. ए टेक.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

क्लेशकर्म जाय छे ने आत्मसुख थाय छे;
शीद् जीव विश्वमांही आथडे; गुरुनी. ॥१॥
काम क्रोध नव रहेने–दोष दीलना दहे;
आत्मनो विवेक रुडो आवडे गुरुनी. ॥२॥
मोह तणां मूल बधां, जाय सहज वातमां;
उखेडी शकाय ज्ञान पावडे. गुरुनी. ॥३॥
व्हाल थाय नाथमां ने, आत्म आवे हाथमां;
जाय छे अशांति शमतावडे; गुरुनी. ॥४॥
आज्ञा शिर धारताने,–प्रेमधर्म पालता,
केम जीव खोटा ख्यालमां खडे ? गुरुनी. ॥५॥
गुरु विना मुक्ति नही,–सर्व संत उच्चरे;
स्हेजमां प्रभुनो पंथ पर वडे; गुरुनी. ॥६॥
रुडी सुख सागरजी, सेवा गुरुनी सजी;
पाप बीज सेक्यां ज्ञान तावडे, गुरुनी. ॥७॥
आशिष रुडी लीधीने, लीला ल्हेर तो कीधी;
कालरूप सर्प केम आभडे, गुरुनी. ॥८॥
गुरुजी ज्ञान दाताने, आपे सुख शाता;
आजित नरक द्वार ना नडे; गुरुनी. ॥९॥

काव्य.

भवभयक्षातिकर्मविधायकान्, शुभगुणाचरणोत्तमशिक्षकान् ।
शिवनिकेतनकेतनतुल्यकान्, परिदधामि पवित्रतराक्षतान् ॥१॥
ॐ ह्रीँ श्रीँ सद्‌गुरुपदपूजार्थं अक्षतान् यजामहे स्वाहा ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## चारित्राराधन स्वरूपा सप्तमी नैवेद्य पूजा ॥ ७ ॥

दुहा.

कहेणी सम रहेणी नहीं, मळे नहीं भलीवार;
कहेणी सम रहेणी थतां, उपजे शांति अपार. ॥१॥
माटे सत् चारित्रमां, संतो मूके भार;
गुरु करुणा चारित्रमां, छे हेतु सुखकार. ॥२॥
कर्म टळे कर्मोथकी, खरेखरो छे न्याय;
सत्कर्मेथी विश्वनां, असत्य कर्म बलाय. ॥३॥
वृष्टि तणां बिंदु तणी, गणना कदिये थाय;
भूमि केरा भारनो, आंक कदी अंकाय. ॥४॥
धर्म तणा पालनतणी, केम किंमत अंकाय;
स्वल्प धर्मने पाळतां, प्राणी पावन थाय. ॥५॥

ढाल-नाथ कैसे गजको बंध छोडायो.

त्यागी केरा धर्म कर्म सहु पाळे, पींडमांही प्रभुजीने भाळे;
त्यागी. ए टेक.
ग्रामनगर मांही संचरताने, निर्मळ नाथने न्याळे;
सत्कर्मेथी पाप करमनां, बीज बधां गुरु बाळे. त्यागी. ॥१॥
संतोनी संगत निशदिन करता, मन राखी ज्ञानहिमाळे;
योगतणा अभ्यासे करीने, बाह्यवृत्ति पाछी वाळे. त्यागी. ॥२॥
द्रव्यने जाण्यां अद्रव्यने जाण्यां, क्लेश काढया पाणी काळे;
खल जनने पण उपदेश आपी, खांते खूटलता खाळे.
त्यागी. ॥३॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

द्वैतने जाण्युं अद्वैतने जाण्युं, जाणी गीता गाले गाले;
गंभीर ग्रन्थ लख्या घणा जेथी, वांची जनो दोष टाले.

त्यागी. ॥४॥

सद्‌गुणने घट भीतर शोध्या, अवगुण काढ्या उचालेः
ज्ञानतणी गंगा प्रेम प्रभावे, सहजे चढावी उच्छाले.

त्यागी. ॥५॥

अनेक लोकने उपदेश आप्या, वृत्ति ठरावी छे ठाले;
स्नेहथी समरण सोऽहंनुं करता, मन चढव्युं उंचा माले;

त्यागी. ॥६॥

अवधूत वेश निरंतर शोभे, पाप दबाव्यां पाताले;
आत्म परात्मनुं ऐक्य साधीने, वृत्ति प्रभुपदे वाले.

त्यागी. ॥७॥

एक निरंजन नाथ जगाड्यो, चलव्युं न मन बीजे चाले;
धन्य धन्य बुद्धिसागर गुरुदेवा, अजित हृदयमां निहाले.

त्यागी. ॥८॥

काव्य.

जैनेन्द्रशासनधुरन्धरपुङ्गवाय,
ज्ञानात्मने विजितलौकिकभावनाय।
श्रद्धालतानविनवारिधरायशुद्धं,
नैवेद्यमुत्तममहंविनिवेदयामि ॥१॥

ॐ ह्रीँ श्रीँ सद्‌गुरुपदपूजार्थं नैवेद्यं यजामहे स्वाहा—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

## ध्यान समाधिस्वरूपा अष्टमी फलपूजा—

दुहा.

ध्यान समाधि योगनुं, फल वर्णन नव थाय;
अनंत भवथी भटकती, वृत्ति स्थिर थई जाय. ॥१॥
सहु साधनमां श्रेष्ठ छे, ध्यान समाधि योग;
पूर्व जन्मना पुण्यथी, पण ते पामे कोक. ॥२॥
गेबी वाजां गडगडे, उपमा केम अपाय;
अमृत रसना स्नानथी, स्नेहे शांत थवाय. ॥३॥
चंचलता आ चित्तनी, ध्यान वडे वश थाय;
चढे खुमारी आत्मनी, जन्म मरण पण जाय. ॥४॥
संत तणा सहवासमां, योग तणो अभ्यास;
गुरुए कीधो स्नेहथी, नथी अज्ञात जराय. ॥५॥

ढाल—विमलाचलथी मन मोह्युंरे, म्हने गमे न बीजे क्यांय. ए राग.

बुद्धिसागर सद्गुरुनोरे, जश वर्त्यो चारे पास;
सुखकारक सेवक जननीरे, पूरण करता सहु आश. बुद्धि० ए टेक०

धरी धर्मध्यानमां प्रीति, जग प्रेमे लीधु जीती;
राखी साधुनी रीतरे, कीधो उरमां उज्जास. बुद्धि. ॥१॥
जगनुं सुख जाण्युं काचुं, जाण्यु प्रभुनुं सुख साचुं;
हुं एज गुरुने याचुंरे, मारो होजो चरणे वास. बुद्धि. ॥२॥
कर्यो जन्म परम उपकारी, तजी दुनीयां केरी यारी;
प्रभु भक्ति कीधी प्यारीरे, तोड्या नरकना त्रास. बुद्धि. ॥३॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

एकांत विषे बहु वसता, प्रभुजनने देखी हसता;
क्षण धर्मविना नव खसतारे,तजी विश्वतणाज विलास. बुद्धि.॥४॥
पूरक कुंभक बहु साध्या, इश्वरने घटमां आराध्या,
मनोभाव प्रभुमां वाध्यारे, तजी क्लेश अने कंकास. बुद्धि.॥५॥
राजा पण चरणे नमता, दर्शनथी मनमां शमता;
तमे तत्पदमांहि रमतारे, थई सत्य गुरुना दास. बुद्धि.॥६॥
तमे साधी सिद्ध समाधि, तमे कापी जगनी व्याधि;
तजी अंतर केरी उपाधिरे,करी भव भ्रमणानो ह्रास. बुद्धि.॥७॥
थोडा तम सरखा थाशे, भजता प्रभु श्वासो श्वासे,
अमथी क्यम गुण विसराशेरे,देजो प्रभुमां विश्वास. बुद्धि.॥८॥
अमे लीधुं आपनुं शरणुं, हवे कापो जन्मने मरणुं,
गुरु अमृतनुं छो झरणुंरे, सूरि अजितने ए आश. बुद्धि.॥९॥

---

## गुरुपद पूजा.

### कलश.

घोडीलारे ते क्यांथकी लाव्यारे-.ए राग.

मारी जेवी मति पहोंची, तेवारे गुरुना गुण गाया. ए टेक.
सद्गुरु मारी संसृति हरजो, अविचल राखजो मायारे.
गुरुना० ॥१॥
संसारनी प्रीति स्वारथ सूधी, जर ज्योबन जायारे.
गुरुना० ॥२॥
तपगच्छ हीरविजयसूरि पाटे, परंपरा मांही आव्यारे.
गुरुना० ॥३॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सद्गुरु केरु ध्यानज धरतां, फरी धरीये नही कायारे.
गुरुना० ॥४॥
शांतिदाता गुरु बुद्धिसागरजी, भव्यपणे मन भाव्यारे;
गुरुना० ॥५॥
उपदेश आप्यो ने कंकास काप्यो, समजाव्या श्रीजगरायारे.
गुरुना० ॥६॥
गुजरात देशे विजापुर गामे, जन्मीने अंते समायारे;
गुरु० ॥७॥
प्रगटावी घटमांही ज्ञान खुमारी, अनुभव गुण उपजाव्यारे.
गुरुना० ॥८॥
वास विजापुरमां रहीने, गुरुगुण मुजथी गवायारे.
गुरु० ॥९॥
अजितसूरि एवी अरज करे छे, करुणा करो गुरुरायारे.
गुरुना० ॥१०॥

काव्य. वसन्ततिलकावृत्तम्.

त्रैलोक्यतारकगुणाय वरप्रदाय,
सर्वात्मना विहितजन्तुदयोदयाय।
निर्वृत्तिधर्मपथदर्शकनायकाय,
सम्यक् फलानि शुभदानि निवेदयामि ॥१॥

ॐ ह्रीँ श्रीँ सद्गुरुपदपूजार्थं फलानि समर्पयामि स्वाहा.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

॥ ॐ ॥

# गुरुपदपूजा.

## शास्त्रविशारदजैनाचार्ययोगनिष्ठश्रीमद्‌बुद्धिसागर सूरीश्वरपूजा.

### प्रथमा जलपूजा

दुहा.

स्याद्वादना शोभिता, तीर्थंकर शिरताज;
महावीर महाराजने, प्रेमे प्रणमुं आज ॥१॥
जयशाली जिनधर्मनी, सत्कीर्तिना स्तंभ;
स्वामी सुधर्मा विराजता, गुरु गणधर गुणवंत. ॥२॥
परंपरामां तेमनी, हीरविजयसूरिराज;
अनुक्रमे पछी उपज्या, रविसागर सुख साज. ॥३॥
सुखना सागर सद्‌गुरु, सुखसागर शोभाय;
मुनिवर महाप्रभावना, बुद्धिसिन्धु सदाय. ॥४॥
पूजा रचुं हुं प्रेमथी, सद्‌गुरु करो कृपाय;
सफल करो मुज वाणीने, जन्म मरण मटि जाय. ॥५॥

ढाल—ओधा अमने हरि तो व्हाला. ए राग.

बुद्धिसागर गुरुजीनी बलिहारी,
वारे वारे प्रेमथी जाउं वारी. बुद्धि० ए टेक०
गुजरातनो प्रांत उत्तर सारो,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

साबर केरो सुखकारी किनारो;
विजापुर गाम अंतर धारो. बुद्धि० ॥१॥
श्रावक तणी वस्ती घणी सारी,
लागे प्रभु भक्तोने प्यारी;
जिनालयो शोभे छे सुखकारी. बुद्धि० ॥२॥
पाटीदार प्रेमी पूरा शोभे छे,
अहिंसक वृत्तने पाले छे;
दानी गुण केरो ल्हावो लेछे. बुद्धि० ॥३॥
तेमां गुरुए जन्म सुखद लीधो,
मानव केरो जन्म सफल कीधो;
संसारने बोध सिद्धो दीधो. बुद्धि० ॥४॥
गुरु कर्या सुखसागर स्वामी,
खलकमांही राखी नही खामी;
जोडी दृष्टि साचा धर्म स्हामी. बुद्धि० ॥५॥
करी गुरुसेवा खरी खांते,
तज्या रागद्वेषने नीरांते;
अजित कीर्त्ति प्रसरी बधे प्रांते. बुद्धि० ॥६॥

काव्य.

सकलवृद्धिकराय महात्मने, निखिलकर्ममलक्षयकारिणे।
गुरुवराय वरिष्ठगुणात्मने, जलमहं विमलं परिकल्पये ॥ १ ॥
ॐ ह्रीँ श्रीँ गुरुपदपूजार्थं जलं समर्पयामि स्वाहा,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# अथ द्वितीया चन्दनपूजा.

दुहा.

गुरु कर्या मन मानता, सुखसागर मुनिराय,
सद्गुरु वचन सुण्या विना, भक्ति कदी नव थाय. ॥१॥
गुरु विण ज्ञान मले नही, गुरु वगर नही ध्यान;
गुरु वगर गति नव मले, गुरु वण नही भगवान. ॥२॥
गुरु बतावे ज्ञानथी, परमात्मानो पंथ;
शुं समजे अज्ञात जन, समजे विरला संत. ॥३॥
शिष्य स्वभावे संगमां, करी सेवा अति श्रेष्ठ;
संसारी सुख परहर्यां नक्की जाण्यां नेष्ट. ॥४॥
सद्गुरुनी करुणा वडे, उत्तम पाम्या ज्ञान;
आ जन्मे जाणी लीधा, घट भीतर भगवान. ॥५॥

ढाल—अलबेलीरे अंबे मात. ए राग.

छे महिमा अपरंपार, श्री सद्गुरु केरो;
आवे निर्मल आचार, जाय फोगट फेरो. ए टेक०
श्री सद्गुरुजी ज्ञान प्रतापे, प्रगटे घटमां ज्ञान जो;
जाय अंधारु अज्ञान केरुं, थाय प्रभुनुं ध्यान. श्रीसद्० ॥१॥
सद्गुरुनी छे करुणा सारी, जेवी चंदन छायजो;
भवाटवीना ताप समूला, जीवडा केरा जाय; श्रीसद्०॥२॥
सद्गुरु पासे दीक्षा पाम्या, पाम्या विमल विचारजो;
धर्मध्यान पण प्रेमे पाम्या, वली उत्तम आचार. श्रीसद्० ॥३॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

स्याद्वादनी समजण पाम्या, पाम्या शांति अपारजो;
दयाधर्म दीलडामां पाम्या, धर्मक्रिया सुखकार. श्रीसद्०॥४॥
परोपकारमां प्रीति पाम्या, पाम्या परम प्रसादजो;
हृदयशुद्धि परिपूरण कीधी, काप्या क्लेश प्रमाद. श्रीसद्०॥५॥
सागरमां जेम स्वातीबिंदु, ग्रहण करे कोइ जंतजा;
सद्गुण सघला एम समाणा, उपज्यो उदय अनंत. श्रीसद्०॥६॥
श्री सद्गुरुनी पूर्ण कृपाथी, सफल थयां सहु काजजो;
अजितसागरना सद्गुरु साचा, बुद्धिसागर महाराज.
श्रीसद्० ॥७॥

काव्य.

त्रिविधतापहराय शुभात्मने, जगति जन्मवतां सुखदायिने ।
कुमतिकर्दमवृन्दविशोषिणे, परिदधाम्यतिशीतलचन्दनम् ॥१॥
ॐ ह्रीँ श्रीँ गुरुपदपूजार्थं चन्दनं यजामहे—स्वाहा—

अथ तृतीया पुष्पपूजा—दुहा.

परमपदारथ प्रभुपदे, लागी लगन अपार,
छोळ्यो सिन्धु सुखतणो, लाग्युं विश्व असार; ॥ १ ॥
जबरां बंधन जगतणां, जबरां जगनां दुःख;
गुरु करुणा वण नव छुटे, थाय न साचुं सुख; ॥ २ ॥
गुरुविना गति नवमले, गुरुविना नही मोक्ष;
सहु वस्तु सद्गुरु विना, प्रगट छतांय परोक्ष; ॥ ३ ॥
सहु वस्तु पैसे मले, सद्गुरु वस्तु अमूल्य;
अजित कहे श्रीगुरुविना, कर्युं कराव्युं धूल; ॥ ४ ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

वाणी वर्णन शुं करे, महद् पुरुषमहिमाय;
केवल शरण स्वभावथी, प्राणी पावन थाय; ॥ ९ ॥

ढाल तेजेतरणिथीवडोरे—ए राग.

प्रेमथकी परमात्मारे, पींडविषे पेखाय;
कोटी उपाय करो छतांरे, सद्गुरुथी समजाय,
होप्राणी सद्गुरु संगत कीजीयेरे;
प्रेमसुधारस पीजीयेरे; थाय सफळ अवतार. ए टेक.
शुं समजे मतिमंदतेरे. अनुभव केरोपंथ,
वाणी वर्णन नव करेरे; नवआवे कदी अंत;
होप्राणी सद्गुरु संगत कीजीयेरे,
प्रेमसुधारस पीजीयेरे; थाय सफळ अवतार; ॥१॥
किंमत सघला विश्वनीरे, एक तरफ अंकाय,
पण किंमत आत्मातणीरे; कदीये केम कराय;
होप्राणी सद्गुरु संगत कीजीयेरे,
प्रेमसुधारस पीजीयेरे, थाय सफल अवतार; ॥२॥
आत्माने नव ओलख्यो, देश रह्यो छे दूर;
संगत सद्गुरुनी करोरे, हाजर होय हजूर;
होप्राणी सद्गुरु संगत० प्रेम० थाय० ॥३॥
पार्श्वमणिथी विश्वनांरे, सुखनी प्राप्ति थाय;
पण गुरुनी करुणा थकीरे प्राणी प्रभु बनी जाय;
होप्राणी सद्गुरु० प्रेम० थाय० ॥४॥
बुद्धिसागरजी सद्गुरुरे; मलिआ मुजने एक;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सफल जन्म म्हारो कर्योरे, समज्यो विरतिविवेक;
होप्राणी सद्गुरु० प्रेम० थाय० ॥५॥
काल ज्वाला ठंडी करीरे, दीधो घट उल्लास;
समजाव्यो शुभ सानमांरे, प्रभुजी त्हारीपास;
होप्राणी सद्गुरु० प्रेम० थाय० ॥६॥
वारंवार प्रणामछेरे, सद्गुरु चरणसरोज;
प्रेमपंथीना हृदयनीरे, खरेखरी करीखोज;
होप्राणी सद्गुरु० प्रेम० थाय० ॥७॥
भव अटवीमां भटकतांरे, हेते झाल्यो हाथ;
अजितसागरना जन्मने, कर्यो अनाथ सनाथ;
होप्राणी सद्गुरु० प्रेम० थाय० ॥८॥

काव्य.

सुरभिदेहगुणेन सुवासित–सकलभूवलयाय जितात्मने ।
सुरनरेन्द्रगणस्तुतकर्मणे, कुसुमैः कुसुमानि यजामहे ॥१॥
ॐ ह्रीँ श्रीँ गुरुपदपूजार्थं पुष्पाणि यजामहे–स्वाहा–

---

## चतुर्थी धूपपूजा.

दुहा.

चोथी पूजा धूपनी प्रगटावे गुरुप्रेम;
दोष दबावे दीलतणा, राखे कुशल खेम; ॥१॥
गुरुचरणे शुभस्नेहथी, वारंवार प्रणाम;
गुरु करुणाथी पामीए, शिवमन्दिर सुख धाम; ॥२॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सम्यक्‌दृष्टि गुरुविना, कोण बतावणहार;
सम्यक् दृष्टि विना तथा, कोण बचावणहार; ॥३॥
जैनधर्मना सुख भर्या, अति उत्तम मुनिराज;
परोपकारी कार्यथी, सिध्यां सघलां काज; ॥४॥
एवा जन थोडा थशे, पावनपरम सुजाण;
पूर्ण कृतार्थ बनी रह्या, मोक्षनुं राख्युं मान; ॥५॥

**ढाळ. नाथ कैसे गजको बंध छुडायो—ए राग**

श्रावकव्रत भवजल तरवानो वारो,
नावेगुरु विण पार किनारो, श्रावक०          ए टेक.
देशथी विरति पंचम गुणस्थानक, साची शान्तिनो उतारो;
दीलडाना दोष बधा दूर करवा, समकित सद्‌गुण प्यारो,
श्रावक० ॥१॥
कालने काप्या कंकासने काप्या, उत्तम आव्या विचारो;
[illegible] अने [illegible] सघळा [illegible], [illegible] के [illegible];
श्रावक० ॥२॥
प्रेम पावक केरी बलवंती ज्वाला, ध्याननो धूप छे सारो;
स्याद्वाद दृष्टि घ्राणमार्गे थई, अध्यात्म गंध प्रसार्यो;
श्रावक० ॥३॥
जगवासना केरो रोग हठाव्यो, मोह खपाव्यो छे खारो;
सत्कीर्ति सहु जगमांही प्रसरी, उत्तम सहुना उच्चारो;
श्रावक० ॥४॥
आत्म परात्मनुं ज्ञान प्रगट करी, ममतानो मार्यो ठठारो;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

अनंत कालनी खोयेली वस्तु; पाम्या छे खोली पटारो;
श्रावक० ॥५॥
बहु गुणवंता बुद्धिसागरजी, अमने हवे न विसारो;
अजितसागर विनवे अति भावे, जेवो तेवो हुं तमारो.
श्रावक० ॥६॥

काव्य.

विषयवाजिवशीकरणौजसे, मदविषोद्धरणोत्तमशक्तये ।
मतिमतां हृदि निश्चितमूर्त्तये, गुरुवराय सुधूपमहं यजे ॥१॥
ॐ ह्रीँ श्रीँ गुरुपदपूजार्थं धूपं समर्पयामि—स्वाहा.

## अथ पंचमी दीपपूजा.

दुहा.

योगाभ्यासी तन हतुं, योगाभ्यासी चित्त;
योगाभ्यासी भावथी, रुडी राखी रीत. ॥ १ ॥
चित्तवृत्तिओ रोकीने, कीधी एकाकार;
ध्येय ध्यान ध्याता तणा, जाण्या गूढ प्रकार. ॥ २ ॥
निर्मल जेनी प्रीतडी, निर्मल जेनी रीत;
मन इन्द्रिय कबजे कर्यां, वात तजी विपरीत. ॥ ३ ॥
कोमल जेनी वाणीमां, वरसे अमृतधार;
वली वलीने चरणमां, प्रणाम वार हजार. ॥ ४ ॥
शोध्यां आगम निगमने, वली जाण्युं वेदांत;
अन्य धर्मना सारने, सहज कर्यो विज्ञात; ॥ ५ ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ढाल—लाल डंका वाग्या तमारा देशमां. ए राग.

अमने रुडो लाग्यो तमारो आशरोरे,
सत्य धर्म केरो पंथ कर्यो पांशरोरे. अ० ॥१॥
तमे साचा योगभ्यासी जोगीडारे;
गुरु भगवानना भावकेरा भोगीडारे. अ० ॥२॥
जाणी जीवशिव केरी एकतारे,
सदा साधुना समाजमांही शोभतारे; अ० ॥३॥
तमे अलख प्रदेशी आतमारे,
जाण्या संत महंते महातमारे; अ० ॥४॥
यम नियमने जाण्या तमे प्रेमथीरे,
वाल्यां योगनां आसन घणा नेमथीरे; अ० ॥५॥
प्राणायाम तमे कर्या भले भावथीरे,
पूरक कुंभक रेचक घणा ल्हावथीरे. अ० ॥६॥
मानव देहना महात्मने अनुभव्युंरे,
मल्युं देहनुं रतनते खरुं कर्युंरे; अ० ॥७॥
धर्युं ध्यान प्रभु केरु दिन रातमांरे,
साधी समाधि वसीने एकांतमांरे; अ० ॥८॥
हती वचन सिद्धि गुरु आपनेरे,
पाल्यो पुरण ब्रह्मचर्य प्रतापनेरे. अ० ॥९॥
तमे वांझीआने बंधाव्यां पारणांरे,
शोभाव्यां बालकनी वस्तिथी बारणांरे. अ० ॥१०॥
गुरु आंधलाने आंख्यो आपतारे,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सदा रोगी तणा रोग कष्ट कापतारे. अ० ॥११॥
रहेशे विश्वमां अविचल नामनारे,
अजितसूरि गुण गाय गुरु आपनारे. अ० ॥१२॥

काव्य.

भविकनिर्मलबोधविकासिने, प्रथितकीर्तियशोविशदात्मने।
प्रहतकर्मचयाय तमोहरं, विशददीपमहं परिकल्पये ॥१॥

ॐ ह्रीँ श्रीँ गुरुपदपूजार्थं दीपं यजामहे. स्वाहा.

## अथ षष्ठी अक्षत पूजा.

—दुहा—

सर्व धर्मना मर्मने, समज्या श्री सूरि राज.
नमन करे नरनाथ पण, शोभ्यां संयम साज, ॥१॥
ध्यान धर्युं शुभ धर्मनुं, अवगुण कीधा त्याग;
एक अविचल प्रभु विषे, हतो घणो अनुराग. ॥२॥
सर्व धर्म आचार्यनो, कर्यो हतो सहयोग,
व्यापक दृष्टि बहु हती, करी शमन सहु शोक; ॥३॥
जगत तापथी तपितने, कल्पवृक्षनी छाय.
शो महिमा मुख वर्णवुं, गुण गंभीर गुरु राय, ॥४॥
आनन्द धनना अर्थनी, खरेखरी करी खोज;
एक अलख आराधना, रसपूरण प्रभु रोज. ॥५॥

ढाल—मा पावा ते गढथी उतर्यां महाकालीरे. ए राग

अक्षत भक्तिना आपीये, सूरिराजारे.
अमे क्लेश जगतना कापीये, गुण झाझारे, ॥१॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सुख दुःख आपे सरखां गण्यां, सूरिराजारे.
तमे नाम निरंजननां भण्या, गुण झाझारे; ॥२॥
करुणालु मन निर्मल हतुं, सूरिराजारे.
स्याद्वाद विषे निश्चल हतुं, गुण झाझारे; ॥३॥
शुभथाय जगतनुं जे रीते, सूरिराजारे.
तमे वर्तन करता ए रीते, गुण झाझारे; ॥४॥
अति गहन गति हतो आपनी, सूरिराजारे.
तजी व्याधि बधी जगतापनी, गुण झाझारे; ॥५॥
तप त्याग तणी सीमा नही, सूरिराजारे.
राखी लज्जा काचां कर्मनी, गुण झाझारे; ॥६॥
महीपति मरजादा राखता, सूरिराजारे.
तमे भव्य वाणी मुखे भाखता, गुण झाझारे; ॥७॥
मीथ्या दृष्टि त्यागी हती, सूरिराजारे.
रुडी रहेणी विमल राखी हती, गुण झाझारे; ॥८॥
संयममां मन शोभ्युं हतुं, सूरिराजारे.
सूरि अजितनुं चित्त थोभ्युं हतुं, गुण झाझारे; ॥९॥

काव्य.

भवभयक्षतिकर्मविधायकान,
शुभगुणाचरणोत्तमशिक्षकान्।
शिवनिकेतनकेतनतुल्यकान्,
परिदधामि पवित्रतराक्षतान् ॥१॥

ॐ ह्रीँ श्रीँ सद्गुरुपद पूजार्थं अक्षतान् यजामहे स्वाहा.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# अथ सप्तमी नैवेद्य पूजा.

—दुहा—

तत्त्वज्ञाने त्रण लोक, पूर्ण थयुंज प्रसिद्ध;
ज्ञानी जन ज्ञानी गणे, सिद्धो जाणे सिद्ध. ॥१॥
भक्तो जाणे भक्त छे, संतो जाणे संत;
अकल गति गुरु आपनी, गुणी जाणे गुणवंत. ॥२॥
ध्यानी जने ध्यानी गण्या, योगि जाणे सुयोग;
सज्जन तो सज्जन गणे,—नीरोगी नीरोग. ॥३॥
पंडित जन पंडित गणे, त्यागी जाणे त्यागी;
अकल कला सूरिराजनी, शी गति समजे रागी. ॥४॥
मंदमति जाणे नही, मुनि आपनो मर्म;
समज्या ते सज्जन थया, धींगो जाण्यो धर्म. ॥५॥

ढाल—लाल डंका वाग्या तमारा देशमांरे. ए राग.

गुरु आपनी नैवेद्य पूजा सातमीरे,
कशी तप जपमां न राखी कमीरे. गुरु० ॥१॥
पुरा प्रेमथी पाल्या पंचाचारनेरे,
रुडी कहेणी तेवी करणीथी आचारनेरे. गुरु० ॥२॥
रच्या ग्रन्थ तमे एकसो आठ छेरे;
प्रभु पंथना भरेला प्रेमी पाठ छेरे. गुरु० ॥३॥
राज रजवाडा आपने जाणतारे,
वळी श्रद्धालु राखता मानतारे. गुरु० ॥४॥
जैनशास्त्रनी जुक्ति घणी जाणी हतीरे,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

स्याद्वादनी मोघी मता माणी हतीरे. गुरु० ॥५॥
जूनां मंदिर अनेक सुधरावीयांरे,
जैनेतरमां अहिंसा बीज वावीयांरे. गुरु० ॥६॥
साचा धर्मनो प्रचार तमे बहु कर्योरे,
सर्व धर्ममांथी सार तमे उर धर्योरे. गुरु० ॥७॥
देश दाझ पण आप केरा मन हतीरे,
स्वदेशी भावना प्रचारता छानुं नथीरे. गुरु०॥८॥
जेम कल्पतरु सर्व वृक्षराज छेरे.
एम आपनो अवतार सूरिराज छेरे. गुरु० ॥९॥
प्रेम भावनां नैवेद्य आपीये अमेरे,
पुरा प्रेमथी स्वीकारजो सूरि तमेरे. गुरु० ॥१०॥
सूरि अजितनी हाथ जोडी विनतीरे,
अरज देशकालनी कशी छानी नथीरे गुरु०॥११॥

ढाल बीजी—सजनी मारी, क्यां रमी आवी रजनी साचुं बोलोजी—ए राग.

सांभलज्यो सद्गुरुजी साचा, सेवकनी एक अरजी;
—उरमां धारोजी.—
अनंत भव अथडाणो आत्मा, मानी पोतानी मरजी;
—पार उतारोजी.— ॥१॥
रंक सेवक अमे सदा तमारां, ज्ञान ध्यान नव जाण्यां;
—उरमां धारोजी.—

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

प्रेमभावना राखो प्राणीपर, पोता समान प्रमाण्या;
—पार उतारोजी.— ॥२॥
साधु जनोना संग न कीधा, अवली उच्चारो वाणी;
—उरमां धारोजी.—
सद्गुरु शब्दो दीलमां न धार्या, जोग जुक्ति नव जाणी;
—पार उतारोजी.— ॥३॥
एक निरंजन अलखनी खातर, जगसुख आपे त्याग्यां;
—उरमां धारोजी.—
सद्गुरु सेवा पूर्ण करी तमे, मुक्ति तणां दान माग्यां;
—पार उतारोजी.— ॥४॥
मनोहारी रुडी मूर्त्ति तमारी, याद अहोनिश आवे.
—उरमां धारोजी.—
सद्गुरु भावे संभारीने, आंखडली आंसु लावे;
—पार उतारोजी.— ॥५॥
अविद्या आवरण दूर कर्यां अने, सहज समाधि साधी;
—उरमां धारोजी—
अनंत उपकार विश्वजनो पर, प्रजाली पापनी व्याधी;
—पार उतारोजी.— ॥६॥
निवास करजो अम दिलडामां, आशीर्वाद रुडा देजो;
—उरमां धारोजी.—
ध्यान भजनमां धैर्य आपीने, खरी खबर हवे लेजो;
—पार उतारोजी.— ॥७॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

कोमलतनना कोमल मनमां, कोमल भाव करावो;
—उरमां धारोजी.—
जे जे प्रकारे सारुं अमारुं,—थाय ए लक्षमां लावो;
—पार उतारोजी.— ॥८॥
आप समुं भवसागर तरवा, शरणुं नथी कोइ साचुं;
—उरमां धारोजी.—
आप कृपाथी जाणी लीधुं छे, कोटि रीते जग काचुं;
—पार उतारोजी.— ॥९॥
अजितसागर शरण थयो छे, बीजानो कदी न थवानो,
निर्मलभावे आवरण कापी, ऊर्द्ध प्रदेशे जनारो;
—पार उतारोजी,—॥१०॥

काव्य.

जैनेन्द्रशासनधुरन्धरपुङ्गवाय,
ज्ञानात्मने विजितलौकिकभावनाय।
श्रद्धालतानविनवारिधराय शुद्धं,
नैवेद्यमुत्तममहं विनिवेदयामि. ॥१॥

ॐ ह्रीँ श्रीँ सद्गरु पदपूजार्थं नैवेद्यं यजामहे स्वाहा—

## अथ अष्टमा फलपूजा.

दुहा.

ज्ञानसमूं बीजुं नथी, उत्तम साधन एक;
ज्ञाने घटमां थाय छे, विरति विचार विवेक ॥१॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ज्ञानामृत आगल बधां, औषध व्यथ सदाय;
दोष टले आत्मा तणा, अनुभव ज्योति जणाय ॥२॥
ज्ञान तणुं वर्णन करे, शारद देवी सदाय;
तोपण आखा भव विषे, संपूर्ण नव थाय ॥३॥
ज्ञानचिन्तामणि कर ग्रह्यो, शुं नाणानुं काम;
अवनीमां उत्तम थयो, पूर्ण काम अभिराम ॥४॥
ज्ञान वडे आ विश्वमां, शिव जीवनो थइ जाय;
ए ज्ञाने उत्तम थया, बुद्धीश्वर सूरिराय ॥५॥

ढाल-वीर कुंवरनी वातडी कोने कहीए, ए राग.

हांरे ज्ञान पाम्यारे ज्ञान पाम्या, हांरे बुद्धिसागर सार;
अनुभव उत्तम पामीया, ज्ञान पाम्या०—ए टेक०
शुद्ध ज्ञानरूपी फल चाखीने, रस पीधो,
हांरे रस पीधोरे रस पीधो;
हांरे ज्ञानामृत निरधार, अनुभवसागर उच्छल्यो. ज्ञान०॥१॥
जेम सर्वे नदीयो वही जाय छे, सिन्धु स्हामी;
हांरे सिन्धु स्हामी रे सिन्धु स्हामी,
हांरे एवुं आपनुं ज्ञान, सर्वे धर्मो वस्तु एक छे; ज्ञान० ॥२॥
नव करशो निंदा तमे कोईनी, सवळुं समजो,
हांरे सवळु समजोरे सवळु समजो;
हांरे समकित उपदेश, आत्मापरात्मा एक छे. ज्ञान०॥३॥
तमो समदर्शी सद्‌गुण भर्या, संत साचा,

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

हांरे संत साचारे संत साचा;
हांरे मन वाणीनी पार, दृष्टि हती रुडी आपनी.ज्ञा०॥४॥

गुणग्राहीलोको पासे आवता, बोध देता,
हांरे बोध देतारे, बोध देता;
हांरे जेने जे जोइए तेम,अतुलितगतिमति आपनी.ज्ञा०॥५॥

जाणे महिमा शुं मूढमति जनो, जाणे ज्ञानी,
हांरे जाणे ज्ञानीरे जाणे ज्ञानी;
हांरे आपनो महिमाय,निर्मल शांत स्वभावना.ज्ञान०॥६॥

आप अवतारने धन्य धन्य छे मुनिराजा,
हांरे मुनिराजारे मुनिराजा;
हांरे रुडो अखंड प्रताप,चन्द्र सुरज सुधी वर्तशे. ज्ञा०॥७॥

सर्व संशय छूटी गया हता, छूटी ग्रन्थी,
हांरे छूटी ग्रन्थीरे छूटी ग्रन्थी;
हांरे गुरु दीनदयाल, देह परम उपकारनो. ज्ञान० ॥८॥

आप चरणे अमारा प्रणाम छे, लाखो फेरा,
हांरे लाखो फेरारे लाखो फेरा;
हांरे स्वामी करजो स्वीकार, अजितसूरि एम विनवे.
ज्ञान पाम्या० ॥९॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# कलश.

धन्य महावीर उपगारी एराग.

रटण एक सद्गुरुनुं लाग्युं,
फरीने फरी बीजे मन थाक्युं; ए टेक.
यथामति गुरुजीना गुण गाया.
लागीरे अविचल गुरुनी माया;
माथेरे भारे सद्गुरुनी छाया, रटण० ॥१॥
मानव भव फरी फरी नाज मले.
अविद्यानां आवरण नाज टले,
गुरुजी थकी भवकेरो फेरो फले, रटण० ॥२॥
गुरुरे मल्या बुद्धिसागर साचा.
जाण्यारे भाव जगत तणा काचा;
सफल थइ आजे विमल वाचा, रटण० ॥३॥
संवत ओगणीश अने ब्याशी.
पोष नामे महिनो सुख राशि;
तिथि बुध तेरस छे खाशी, रटण० ॥४॥
साबर केरो तट शोभे सारो.
उत्तर गुजरात उरे धारो;
विहार विजापुरमांहि प्यारो, रटण० ॥५॥
गुरुनी पूजा अहीं पूरी कीधी.
सूरिए मति आपी घणी सीधी;
कीधीरे स्तुति दैवे जेवी दीधी, रटण० ॥६॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सूरिजी हीरविजय महाज्ञानी.
नेमना शिष्य सहजसागर ध्यानी;
परंपरा परम पावन जाणी, रटण० ॥७॥
अनुक्रमे रविसागर जाण्या.
तेओना शिष्य सुखसागर मान्या;
तेओना बुद्धिसागर पीछाण्या, रटण० ॥८॥
महायोगी ध्यानी जगत जाणे.
श्रावक अने अन्य बधा माने;
आचार्य पद सहु जन परमाणे, रटण० ॥९॥
तेनोरं पद्पंकज रजहुं छुं.
अजित अब्धि प्रेमेथी प्रणमुं छुं;
आशिष अंते सर्व जीवोने दउंछुं, रटण० ॥१०॥

काव्य.

त्रैलोक्यतारकगुणाय वरप्रदाय,
सर्वात्मने विहितजन्तुदयोदयाय।
निर्वृत्तिधर्मपथदर्शकनायकाय,
सम्यक् फलानि शुभदानि निवेदयामि ॥१॥

ॐ ह्रीँ श्रीँ सद्गुरुपदपूजार्थं फलानि समर्पयामि स्वाहा॥

इति.

शास्त्रविशारद योगनिष्ठ श्रीमद्बुद्धिसागरसूरीश्वरशिष्यरत्नप्रसिद्ध-वक्ता जैनाचार्य श्रीमद्अजितसागरसूरिविरचित गुरुपदपूजा समाप्ता ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# गुरु आरति,

जयदेव जयदेव जय जय गुरुदेवा, गुरु जय जय गुरुदेवा,
बुद्धिसागर महाराजा, सफल करो सेवा;
जयदेव जयगुरु देव. ॥१॥

निर्मल ज्ञान विचार, धर्म तणा ज्ञाता; गुरु धर्मतणा ज्ञाता;
महिमा केम कथाय, पाप ताप त्राता;
जयदेव जयगुरु देव. ॥२॥

सफल कर्यो अवतार, बोध कर्यो जनने, गुरु बोध कर्यो जनने;
योगे निर्मल कीधां, तन साथे मनने;
जयदेव जयगुरु देव. ॥३॥

ब्रह्मचर्य व्रतधारी, सिद्ध पुरुष साचा; गुरु सिद्धपुरुष साचा;
कथतां आप प्रताप, विरामती वाचा;
जयदेव जयगुरु देव. ॥४॥

पावन परम सदाय,प्रभुनां ध्यान धर्यो,गुरु प्रभुनां ध्यानधर्यो;
शुद्ध अहिंसा ज्ञाने, कल्मष दूर कर्यो;
जयदेव जयगुरु देव. ॥५॥

वचने सिद्धि अपार,जन सघला जाणे, गुरु जन सघलाजाणे;
शेठ श्रीमंत महीप, मर्यादा माने;
जयदेव जयगुरु देवा. ॥६॥

भाव आरती लइने, प्रेमदीपक करीये, गुरु प्रेमदीपक करीये,
सद्गुरुपद सेवीने, भवसागर तरीये;
जयदेव जयगुरु देव. ॥७॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

जैन सहित जैनेतर, सहु वंदन करता, गुरु सहु वंदन करता;
प्रेमज्ञानना बलथी; समीपे संचरता;
जयदेव जयगुरु देव. ॥८॥

बुद्धिसागर सद्गुरुनी; जे आरति गाशे; गुरु जे आरति गाशे;
अजितसागर कहे एनां; सहु संकट जाशे;
जयदेव जयगुरु देव. ॥९॥

मंगलदीवो.

दीवोरे दीवो अति मंगल कारी,
अनुभव दीपक अति उपकारी; दीवो० ॥१॥
पहेलोरे दीवो गुरु ज्ञाननुं ज्योती,
दर्शन करी मन वृत्तिओ म्होती; दीवो० ॥२॥
बीजारे दीवो शुभ आचार पालो,
दीलनी अविद्या उपाधिने टालो; दीवो० ॥३
त्रीजोरे दीवो प्रभुध्यान समाधि,
साधन करी हरिये अंतर उपाधि; दीवो० ॥४॥
चोथोरे दीवो शुद्ध चारित्र जाणो,
आत्मा परमात्मानुं बारणुं मानो; दीवो० ॥५॥
अलख निरंजन आत्मानां दर्शन,
पावन करीये अंतर तन मन; दीवो० ॥६॥
सूर्य शशी दीवा प्रभुजीना शोभे,
देखी देखी सूरि मुनि मन लोभे; दीवो० ॥७॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

देव–दनुज–मुनि सिद्ध चोराशी,
परिहरे ज्ञानदीवाथी उदासी; दीवो० ॥८॥
अखंड अमर दीवो प्रभुनो प्यारो,
ध्यान धिरजथी उरमां धारो; दीवो० ॥९॥
अजित सागर गुरु ज्ञाननो दीवो,
प्रगट करी जगमां घणुं जीवो; दीवो० ॥१०॥

## फलम्.

पूजाभिरष्ठधा नित्यं, योनरः पूजयिष्यति ।
गुरु पादाम्बुजद्वन्द्वं, तं शिवश्रीर्वरिष्यति ॥१॥

दुहा

कलश भर्यो छे भावनो, पाणी निर्मल प्रेम.
पूजन सद्गुरु देवनुं, आपे कुशल खेम; ॥१॥
अंतरमां उभराय छे, सूरिवर केरो स्नेह.
करुणा केरा आपता, मांघा मीठा मेह; ॥२॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# स्तवनसंग्रह.

१

अलबेलीरे अंबेमात—ए राग.

जय जय जयगुरु महाराज, अति करुणा कीधी.
म्हने परमातनी आज, अति भक्ति दीधी; एटेक.
आसंसार तणां सहु दुःखनो, गणतां नावे पारजो.
ए दुःख दूर कर्यां सहु म्हारां, प्रगटयुं भाग्य अपार;
अति० ॥१॥
मृगतृष्णानुं जेवुं पाणी, नावे कदीये हाथजो.
आसंसार विषे सुख एवुं, सार गुरुनो साथ; अति० ॥२॥
अनंत कालथकी अथडातो, पाम्यो पीडा अनंतजो.
ज्ञान ज्योति प्रगटाव्युं पोते, आव्यो दुःखनो अंत;
अति० ॥३॥
कल्पतरुनुं जेवुं शरणुं, एवी आप सहायजो.
अनंत भवनी पीडा गुरुनी, भाव भक्तिथी जाय;
अति० ॥४॥
नर भव फरी फरी नावे हाथे, अति उत्तम अवतारजो.
सफल कर्यो उपदेश आपीने, अतिमानुं उपकार;
अति० ॥५॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

भावट भागी भवाटवीनी, गुरु गुण केम गणायजो.
अनंत सुखनो सागर आत्मा, गुरु ज्ञानेथी जणाय;
अति० ॥६॥

परम कृपालु सद्गुरु राजा, बुद्धिसागर सूरिराजजो.
अजित सागर सद्गुरुने विनवे, सद्गुरु गरीब नवाज;
अति० ॥७॥

---

२

आवो आवो यशोदाना कंत—ए राग.

आवो आवो तमे गुरुराज, मन्दिरे आवोरे.
अमो दास तमारा सदाय, करुणा लावोरे; ॥१॥
तमे सद्गुणना भंडार, अंतरजामीरे.
थया पूरण कृतार्थ अनेक, शरणुं पामीरे; ॥२॥
तमे शोभावी गुजरात, कीर्ति प्रसारीरे.
आप चरणमां वार हजार, विनती अमारीरे; ॥३॥
तमे शिखव्या समान स्वभाव, शीखवी समतारे;
तमे मार्यो मोह महान, भारी ममतारे. ॥४॥
तमे रुडा भज्या भगवान, संसार त्यागीरे;
तमे सद्गुरु केरा शिष्य, अखंड अनुरागीरे. ॥५॥
तमे सहज समाधि साधि, भल पण भरीयारे;
प्रत्याहारने प्रणायाम, केरा तो दरीयारे. ॥६॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

तमे क्लेश तणा तो मूल, सघलां काप्यांरे;
तमे आतम विद्या केरां दान, मुमुक्षुने आप्यांरे. ॥७॥
हतो ऊर्द्ध तमारो प्रदेश' कोइ जन जाणेरे;
तमे अनुभव मार्ग प्रवीण, जाणे ते माणेरे. ॥८॥
तमे ध्यानी तणा पण ध्यानी, ज्ञानीना ज्ञानीरे;
तमे प्रेमी तणा पण प्रेमी दानीना दानीरे. ॥९॥
तमे अखंड जगावी अलेख, अवधूत पंथेरे;
तमे जगाड्यो आतमराय, वखाण्या संतेरे. ॥१०॥
सूरि अजित कहे गुरुदेव, उत्तम आचारीरे;
सदा आपतणा गुण गाय, अरजी उच्चारीरे. ॥११॥

---

## ३

अलि साहेली जंगम तीरथ जोवा उभीरेने—ए राग.

गुरुदेव तमो, भववनमांही सिद्धो पंथ बतावता.
सहु प्राणी तणा, कूडमति हरवाने औषध आपता; ए टेक.
तमे संत सदा परउपकारी, तमे सुख परित्याग्यां संसारी.
हति प्रभु तणी भक्ति प्यारी; गुरु० ॥१॥
जप जोग विषे निशदिन जाग्या, आतम रस माटे अनुराग्या.
वली विश्व भोग मिथ्या लाग्या; गुरु० ॥२॥
तमे धर्म तणां बहु वृत्त पाल्यां, तमे आधि उपाधि बधां टाल्यां.
तमे शिवपुर केरां घर भाल्यां; गुरु० ॥३॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

तमे अलख निरंजन लक्षधर्यो, फरो मानव केरो सफल कर्यो.
तमे पाप समूह समग्र हर्यो; गुरु० ॥४॥
तमे समजाव्यां नरने नारी, श्रद्धा करी आत्म विषे सारी.
करी नौका भवजल तरनारी; गुरु० ॥५॥
तमे जगत भाव जाण्या खोटा, जाण्युं जगत जलना परपोटा.
तमे जाण्या मनमोहन मोटा; गुरु० ॥६॥
गुरु एक जीभे केटलुं कहीये, गुण संभारी मनमां रहीये.
गुरु स्मरण वडे राजी थईये; गुरु० ॥७॥
करुणा अम उपर सदा राखो, क्लेश कंकासने कापी नाखो.
गुरु भक्ति विषे जाय भव आखो, गुरु० ॥८॥
सूरि अजितनी विनती ध्यान धरो, शुभ आशिष केरुं दानकरो.
बुद्धिसागरजी भव रोग हरो; गुरु० ॥९॥

४

जो कोइ बुद्धिसागर सूरिने आराधशेरे लोल.
तेना दीलमांही भक्ति ज्ञान वाधशेरे लोल; ॥१॥
तेनी नेक तथा टेक प्रभुमां थशेरे लोल,
भूख दुःखने–जंजाल अलगां जशेरे लोल. ॥२॥
धर्युं ध्यान भगवान केरुं भावथीरे लोल;
लाव्या लक्षमां अलक्ष रुडा ल्हावथीरे लोल, ॥३॥
दशे दिशमां हमेश जामी नामनारे लोल.
जेणे पूर्ण करी प्रेमी केरी कामनारे लोल; ॥४॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

दाम–धाम–गाम–सर्व जेणे त्यागीयांरे लोल,
जेने वंदवाने नरनारी लागीयांरे लोल. ॥५॥
जेनी प्रीति तणी रीति घणी आकरीरे लोल;
जेणे अलबेलानी भक्ति भली आदरीरे लोल, ॥६॥
जेणे जैनधर्म केरी करी गर्जनारे लोल.
मिथ्या वादीनी करावी बधे तर्जनारे लोल; ॥७॥
जेनी सिद्ध दशा केरी व्यापी मान्यतारे लोल,
जेने सज्जनो सुसिद्ध साचा जाणतारे लोल. ॥८॥
देश कालना प्रमाणे ज्ञान ध्यानमांरे लोल;
कर्यो धर्मनो प्रचार–महा मानमांरे लोल, ॥९॥
सूरि अजितनी विनती छे एटलीरे लोल.
जीव्हा एकने स्तुति कराय केटलीरे लोल; ॥१०॥

५

आवजो आवजो आवजोरे, व्हेनी—ए राग.

लावजो लावजा लावजोरे, गुरु प्रार्थनाने लक्षमांही लावजो.
प्रेमरूपी पुष्प प्रगटावजोरे, गुरु प्रार्थनाने० ए टेक०

अज्ञान अंतरमांही अति उभराय छे.
एने ज्ञान दीपके हठावजोरे; गुरु० ॥१॥
शोकरूपी अग्नि केरी झाल झलकाय छे,
स्नेह तणा पाणीथी शमावजोरे, गुरु० ॥२॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

मनडुं सदाय भूडुं भमतुं भमे छे;
भव्य गुरु हवे ना भमावजोरे, गुरु० ॥३॥
जैन धर्मरूपी रुडा बागमांही आसमे,
वैराग्यनां बीज आवी वावजोरे; गुरु० ॥४॥
अनाचार अंतरना दूर करी नाखजा,
आचारनी ध्वजाओ उठावजोरे. गुरु० ॥५॥
हिंसा वधे छे विश्वमांही आ समा विषे;
अहिंसाना आनंद उडावजोरे. गुरु० ॥६॥
असंख्य प्रदेशी तमे आतमा अनूपछो,
आत्मज्ञान नीरे न्हवरावजोरे; गुरु० ॥७॥
अजितसागर केरी विनती स्वीकारजो,
शुद्धतानां पाणी पीवरावजोरे. गुरु० ॥८॥

---

६

# गजल.

ॐ ह्रीँ श्रीँ गुरुदेव छो, पावन परम परमेश्वरा,
हुं आपनुं समरण करुं,—थाजो सदाये सुखकरा;—ॐ०॥१॥
माता तमो पिता तमो, भ्राता तमो बीजुं नही,
म्हारी तथा जाती तमो, बीजुं कशुं इच्छुं नही.—ॐ०॥२॥
आकाशमां पातालमां, गुरु आप सम कंइये नथी,
आत्मा परात्म बनाववा, बीजुं सुखद साधन नथीः—ॐ०॥३॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

माथा तणा तो मुकुट छो, हैया तणा शुभ हार छो;
कामादि सैन्य विदार बा, शूरा तमो सरदार छो.—ॐ०॥४॥
पृथ्वी सलिल अग्नि पवन, आकाशमां त्हारी गति;
जन अधमने उद्धारवा, शक्ति इतर सारी नथी;—ॐ०॥५॥
प्रेमस्वरूप तमो दिसो, वळी नेम स्वरूप तथा तमो;
सौन्दर्यरूप तथा तमो, पूजक तमारां सहु अमो,—ॐ०॥६॥
जलना तरंगो जाणुं के, गुणगान सुन्दर गाय छे;
गुरुगुणतणा ए तानमां, मुज आत्म निर्मळ थाय छे—ॐ०॥७॥
जगनां सुखो मागु नही, जगनां दुःखो त्यागुं नहीः
त्याग्या अने माग्या तणी,इच्छा हृदय राखुं नही,—ॐ०॥८॥
केवल हृदयमां वांच्छना, परिपूर्ण गुरुकरुणा तणीः
उद्धार करवो अजितनो, ए गर्जना सद्गुरुभणी.—ॐ०॥९॥

---

७

# ॐश्रीसद्गुरुविरह.

ओधवजी संदेशो कहेजो श्यामने—ए राग.

सद्गुरुनां चरण दर्शन ते फरीथी क्यां मले ?
जेणे कही हती आत्म प्रदेशी वातजो.
व्हाणुंने व्हातांरे गुरुजी सांभरे,
जेणे जप्या जप जिनवरना दिनरातजो; सद्गुरु. ॥१॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सोऽहं शब्द सुणाव्या म्हारा कानमां,
जडचेतननी समजावी शुभशानजो;
रुपैया आप्याथी वस्तु ना-मले,
ते प्रभु केरुं गुरुए दीधुं दानजो. सद्गुरु. ॥२॥
ज्ञानभानु प्रगटाव्यो दील आकाशमां,
निर्मळ भावे कर्यो तिमिरनो नाशजो;
समीप वस्तुने कीधी दूर प्रदेशमां,
दूर वस्तुने दर्शावी छे पासजो. सद्गुरु. ॥३॥
सद्गुरुना वचने म्हें छोडी जातडी,
सद्गुरु वचने त्याग करी म्हें नातजो:
गुरुवचनामृत पीनेत्याग्या तातने,
गुरुवचनोथी मानी मात अमातजो. सद्गुरु. ॥४॥
भ्रमणा मम भागीने लगनी लागी छे,
गुरु वचनोमां तन मन धन कुरबानजो;
आत्मानी परमातमशुं थइ प्रीतडी.
अलख निरंजन प्रभुनुं लाग्युं ध्यानजो. सद्गुरु. ॥५॥
असंख्य प्रदेशी चिद्घन प्रेमे पामीयो,
वर्षी रह्या कांइ शांतितणा वरसादजो;
स्मृति आवी छे विस्मृतिकेरा नाथनी,
अयाद देवनी गुरुए दीधी यादजो. सद्गुरु. ॥६॥
शा शा गुण गणावुं श्री गुरुदेवना,
अनंत दिवस गणतां पण नावे पारजो;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

विषय शशीनां किरणो मंद पडी गयां,
अघ उलूकना विरम्या शब्द अपारजो. सद्‌गुरु. ॥७॥
अजित सागरना दिलमां वस्या गुरुदेवश्री,
सफल थयो छे मुज मानव अवतारजो,
गुरु विण मुक्ति मले नही कदीए कोइने,
गुरु विण क्यांथी आवे विमल विचारजो. सद्‌गुरु. ॥८॥

---

८

# श्री गुरु विरहे सातवार.

सखी पडवे ते पूरण प्रीत—ए राग.

सखी ! आदित्य उग्यो आकाशे, न्हाणुं न्हातांरे;
म्हारां तन मन व्याकुल थाय, गुरु गुण गातांरे. ॥१॥
सखी ! सोमेते आवी शान, वात विचारीरे;
म्हारा घटमां सद्‌गुरु देव, अति उपकारीरे. ॥२॥
सखी ! आव्यो मंगलवार, मंगल करतोरे;
म्हने सद्‌गुरु आव्या याद, आंसु भरतोरे. ॥३॥
सखी ! बुध वासरीये शुद्ध, कोण बतावेरे;
लीधो गुरुए स्वर्गनो पंथ, दीलभरी आवेरे. ॥४॥
सखी ! गुरुए दर्शन दीव्य, गुरुनां करतांरे;
लक्षचोराशीनी जेह, हरकत हरतारे- ॥५॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सखी ! शुक्रतणो दिन आज, सौने सारोरे;
मुज गुरु बिरहीने खास, लाग्यो खारोरे. ॥६॥
सखी ! शनिवासर छे भाव, करिया करवारे;
पण गुरुविण मन अकलाय, भवजल तरवारे; ॥७॥
म्हारी वातोना विश्राम, सद्गुरु देवारे.
तजि चाल्या अमने स्वर्ग, करीए कोनी सेवारे; ॥८॥
गुरु ! अवगुण अम अगणित, करुणा करजोरे;
सूरि अजित सागरना शिर, शुभकर धरजोरे. ॥९॥
सखी ! सातवार जे कोइ, प्रेमे गाशेरे;
गुरुकरुणाथी ते शिष्य, पावन थाशेरे. ॥१०॥

---

९

# श्री गुरुगुणगान.

क्षमा रमानाथने पूरण प्यारी—ए राग.

गुरुकेरा सद्गुण केम गवाशे, केवल स्मरणथी सुख थाशे. टेक.
धर्ममां अधरम अधर्ममां धर्म, शी रीते जुक्ति जणाशे.
त्याज्य अत्याज्यनी सुखभरी समजण, सद्गुरुथी समजाशे.
गुरु० ॥१॥
सद्गुरु बुद्धि सागरनी सेवाथी, पापना ताप पलाशे;
मोक्षना पंथे मोहादिक कादव, सद्गुरु विना कलाशे.गुरु० ॥२॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

अतिवकठिन ए कादवमांथी, निश्चयथी निकलाशे;
पण ए निश्चय गुरुविण क्यांथी ! पिंडमां आवशे पासे.गुरु०॥३॥
वृक्ष समग्रनी करीए कलम अने, सिंधुनी शाही सोहासे;
पृथ्वीतणो कागल रुडो करतां, शारद हाथ लखाशे. गुरु०॥४॥
आवशे पार समग्रनो तोपण, गुरुगुण केम गणाशे;
कारण आत्मानां सौख्य अनंतां, केमज अंत पमाशे. गुरु०॥५॥
सद्गुरु माथे मल्या बुद्धिसागर, हुं पण आवेलो आशे;
वस्तु अनुपमनुं रूप जणाव्युं, हैडामां देवने होंशे. गुरु० ॥६॥
तत्त्व अतत्त्वनां लक्षण आप्यां, वृत्ति न क्रोध कंकासे;
अजितसागर पाम्यो इष्ट अनुभव, गुरुभक्ति केम भूलाशे.गुरु०॥७॥

१०

# श्रीमद् गुरुविरह.

भेखरे उतारो राजा भरथरी—ए राग.

सद्गुरु संत महातमा, गया धर्मने धामजी,
विरहवडे व्याकुल बनुं, रटतां गुरुजीनुं नामजी. सद्गुरु०टेक.
अमने उगार्या असत्यथी, आपी सत्योपदेशजी;
पापप्रपंच तजावीया, सुन्दर साधुने वेषजी. सद्गुरु० ॥१॥
सूनुं लागे सद्गुरु विना, सूनो लागे संसारजी;
विरह अनिल सतावतो, सुकवे काया आ वारजी.सद्गुरु०॥२॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ध्यान करुं घडी आपनुं, आवे मूर्ति प्रत्यक्षजी;
प्रेमातुर आवुं वंदवा, पण उघडे ज्यां चक्षजी.सद्गुरु०॥३॥

एहसमे दर्शन आपनां, यदा नव अवलोकायजी;
व्यापे विरहतणी वेदना, काया थर थर थायजी.सद्गुरु०॥४॥

समदृष्टि तमे साचवी, सौमां सरखोज प्रेमजी;
सौ पर आशिष ते रीते, राखता सरखीज रहेमजी.सद्०॥५॥

जूनो लोपायलो जैननो, कीधो योग उद्धारजी;
निर्मल मति गति आपनी, निर्मल सर्व प्रकारजी. ॥६॥

आपनी जग्या खाली पडी, कोना थकी पूरायजी;
कामदुघा क्यां अपरशु, केम उपमा अपायजी, ॥७॥

लभ्य कीधुंरे अलभ्यने, कीधुं अदृष्ट दृष्टजी;
सभ्य कीधुंरे असभ्यने, कीधुं सृष्ट असृष्टजी. ॥८॥

भेद कीधारे अभेदना, कीधा अभेदना भेदजी;
समजावी ज्ञान सोहामणी, कापी मोहनी केदजी. ॥९॥

शिष्यनो संघ संभारतो, गुरुज्ञान विशालजी;
अजित नमे आप पायमां, गुरुदेव दयालजी. ॥१०॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

११

# श्री गुरुमाहिमा.

राग उपरनो—

बुद्धिसागर गुरुदेवजी, जपीये आपनो जापजी;
मनडाना मोह शमावजो, टाली तनडाना तापजी;
बुद्धि—टेक०

धर्म पाल्यो तमे धैर्यथी, कीधां धर्मनां कामजी,
अन्यने धर्म पलावीयो, गया धर्मना धामजी. बुद्धि० ॥१॥

योगप्रदेशथी आवीया, पाल्यो योग आचारजी;
सिद्धस्वरूपी सदा तमो, दीव्यज्ञान दातारजी. बुद्धि० ॥२॥

दर्शन फरी हवे क्यां मले ? क्यारे देशो सत्संगजी;
क्यारे थाशे भव्यदर्शने, उरमांही उमंगजी. बुद्धि० ॥३॥

मूर्ति मधुर मनमोहिनी, देखी प्रगटतो प्रेमजी;
विरही शिष्यो गुरुदेवना, करिये स्थिर मन केमजी ?
बुद्धि० ॥४॥

पारस केरा शुद्ध स्पर्शथी, लोह कुंदन थायजी.
आत्मापरात्म बने नहीं, जीव पणुं नव जायजी;
बुद्धि० ॥५॥

आत्मपरात्म बने तदा, मले सद्गुरु देवजी.
उत्तम सत्संग आपतां; करतां सत्संग सेवजी. बुद्धि० ॥६॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

विरह प्रखर गुरु राजनो, तन मन व्याकुल थायजी.
आंख्य थकी अश्रुओ वहे, नव शांति सोहायजी;
बुद्धि० ॥७॥

अमने गुरु ? ना विसारशो, गांडां घेलां पण दासजी.
अम अवगुण ना विलोकशो, अमने आपनी आशजी;
बुद्धि० ॥८॥

अनंत प्रदेशी आतमा, एना अनुभवनारजी.
अजितने आशिष आपशो, अमने आप आधारजी;
बुद्धि० ॥९॥

---

१२

# श्री गुरुअनुभव.

क्षमा रमानाथने पूरण प्यारी—ए राग.

गुरुए अमने अमृत पान कराव्यां,
बीज कल्पतरु तणां वाव्यां;
ए बीज उग्यां फुल्यां तथ्था फाल्यां,
उत्तम फल मीठां आव्यां;
दीव्य देवने दीव्य प्रदेशे,
ध्याननना योगे धराव्यां. गुरु० ॥१॥
अनुभव सागर छोले चढयो अने,
फल तजी कार्य कराव्यां;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

पींपल उपर बेठेलां पंखी,
अगम प्रदेशे उडाव्यां. गुरु० ॥२॥
मति गति पहोचे नही तेवे पर्वत,
अनुभव वारि वहाव्यां;
गगन सिंहासने आसन शोभे,
त्यां अम स्थान ठराव्यां. गुरु० ॥३॥
ज्ञानगंगा जले स्नान कराव्यांने,
स्नेहनां पुष्प सुंघाव्यां;
प्रेमनी पेटी उघाडी कृपाघन,
करुणानां पट पहेराव्यां. गुरु० ॥४॥
बालक पर जेवां लालन पालन,
ए लाड अमने लडाव्यां;
काम क्रोध केरा ककडा करी अने,
दोषनां मूल दबाव्यां. गुरु० ॥५॥
कठिन कठोरता कापी दीधी अने,
साधन शुद्ध शिखाव्यां;
अलख वस्तु म्हारा दीलमां लखावी,
लक्षण खलनां खपाव्यां. गुरु० ॥६॥
बुद्धिसागर गुरुभुज शिर शोभ्या,
शांतिनां क्षेत्र सोहाव्यां;
अजितसागर कहे सद्गुरु चरणे,
भावने भक्ति भणाव्यां. गुरु० ॥७॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

१३

# श्री सद्गुरुचरणपुष्पांजलि.

गरुडे चढी आवज्यो—ए राग.

बुद्धिसागर सद्गुरु जाउं वारी;
जेणे मोक्षनी वात विचारी. बुद्धि. ए टेक.
दया सर्व जनोपर लाव्या, एकसो आठ ग्रन्थ बनाव्या,
स्नेह साथे शिष्योए छपाव्या. बुद्धि० ॥१॥
जैनशास्त्रना उंडा अभ्यासी, प्रेमज्ञानना पूर्ण पिपासी,
पृथ्वी उपर कीर्ति प्रकाशी. बुद्धि० ॥२॥
शुभ साहित्य केरारे शोखी, उंची दृष्टि सदैव अनोखी;
राग सर्व दीधा हता रोकी. बुद्धि० ॥३॥
आश्रम ठामोठाम स्थपाव्या, हाल जरुर वाला ते जणाया;
जैनबाल पवित्र भणाव्या. बुद्धि० ॥४॥
वली शास्त्रना भंडार स्थाप्या, उपदेश अनेकोने आप्या;
कामभाव अंतरमांथी काप्या. बुद्धि० ॥५॥
कल्पवृक्ष छे परउपकारी, जेनी छाया छे शीतल सारी;
एवा उपकारी आनंद धारी. बुद्धि० ॥६॥
मान पामता ज्यां ज्यां ते जाता, पुण्यवंत देखी राजी थाता;
जेना गुण देशोदेश गवाता. बुद्धि० ॥७॥
अमने आशरो एक तमारो, तारो हाथ झालीने अमारो;
बीजे सुखडांनो जाण्यो उधारो. बुद्धि० ॥८॥
शिष्य अजितसागर पाय लागे, मोंघुं ज्ञाननुं दान मागे;
गुरुचरणे सदा अनुरागे. बुद्धि० ॥९॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

१४

# श्री सद्गुरुस्तवन.

राग उपरनो-

शरण बुद्धिसागर गुरुनुं सारुं;
  जेनुं ज्ञान पीयूष लागे प्यारुं. शरण० ए टेक.
रुडी मुक्तिनी जुक्ति बतावे, ज्ञानदीप सहज प्रगटावे;
  दीलडा केरा दोष दबावे. शरण० ॥१॥
शरणे आव्यानी लज्जा राखे, अज्ञानने नीवारी नांखे;
  भव्य वाणी वदनथकी भाखे. शरण० ॥२॥
रुडी सद्गुरु कल्पनी छाया, राखे शिष्य उपर मोंघी माया;
  शुद्धव्रतधारी श्री गुरुराया. शरण० ॥३॥
धर्मध्यान निरंतर धार्यो, कैंक नर अने नारी उगार्यां;
  विश्वसरितामां डूबतां तार्यां. शरण० ॥४॥
ब्राह्मण क्षत्रियो जेने वखाणे, जोगी जंगम पण जेने जाणे;
  ख्रीस्तीलोकोय प्रेमे प्रमाणे. शरण० ॥५॥
हिंसावाला अहिंसक कीधा, दारु पीताने उपदेश दीधा;
  आप ज्ञाने नक्की नथी पीता. शरण० ॥६॥
बीडी चलमो पण कैंनी तजावी, गुजरातने ज्ञाने गजावी;
  जैन कोममां आणावर्तावी. शरण० ॥७॥
आप सरखा हवे ओछा थाशे, गुण घडीभरना संगी गाशे;
  पाप गुरुविना केम कपाशे ? शरण० ॥८॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

गुरुविरह तणा भाला वागे, गुरुपदमां अजितअनुरागे;
प्रेमे वली वलीने पाय लागे. शरण० ॥९॥

१८

# श्रीमद् गुरुदेवस्तुति.

रघुपति राम हृदयमां रहेजोरे—ए राग.

रुडा गुरुदेव ? हृदयमांही रहेजोरे,
दान ज्ञान अमृत तणां देजो; रुडा० ए टेक०
तमो ज्ञानसागर गुरुदेवारे, सारी शीखवजो गुरु ? सेवारे;
अमने भक्ति तणी देजो हेवा. रुडा० ॥१॥
रुडी मूर्ति मनमांही भावेरे, विरह अश्रुने नयनमां लावेरे;
दीव्य वाणीतो तन तलसावे. रुडा० ॥२॥
शांतिकेरा तमो शुभ सिन्धुरे, एक जिनवरमां लक्ष बिन्दुरे;
योग अभ्यासना बीजा इन्दु. रुडा० ॥३॥
आपे जन्म सफल करी लीधोरे, प्रेम प्यालो पूरण तमे पीधोरे;
उपदेश अनूपम दीधो. रुडा० ॥४॥
जेजे देशमां आप पधार्यारे, भवसागरथी जन तार्यारे;
अज्ञान तिमिरथी उद्धार्या. रुडा० ॥५॥
मोटा महोपति राखता माजारे, नाम सांभली जन आवे झाझारे
सर्व शास्त्र ज्ञाता गुरुराजा. रुडा० ॥६॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

विद्यापुर केरी भूमि छे सारीरे, जन्मभूमि ए भव्य तमारीरे;
त्यांनां तार्यां तमे नरनारी. रुडा० ॥७॥
साधुरूप साचवीयुं छे साचुंरे, जग सुखने जाण्युं हतुं काचुंरे;
भाव भक्ति तमारी हुं याचुं. रुडा० ॥८॥
अजितसागरना मनमांही आवोरे, बुद्धिसागरजी दया लावोरे;
कृपा वारि विमल वरसावो. रुडा० ॥९॥

---

१६

## श्रीमद् सद्गुरुस्तुति.

राग उपरनो.

बुद्धिसागर सद्गुरुनी बलीहारीरे,
जेने भक्ति प्रभु केरी प्यारी. बुद्धि० ए टेक.
जैनधर्म तणी टेक धारीरे, यावत् जीवनना ब्रह्मचारीरे;
सहु जीवो तणा उपकारी. बुद्धि० ॥१॥
जेणे काम कंकासने काप्यारे, अवळा मार्ग सदैव उत्थाप्यारे;
दीव्य देशना संदेश आप्या. बुद्धि० ॥२॥
मुनिभावनी साचवी दीक्षारे, आपी शिष्योने शास्त्रनी शिक्षारे;
जेने भाव भजन केरी भिक्षा. बुद्धि० ॥३॥
शास्त्री लोकोतो स्नेहे संभारेरे, पंडित लोको तो प्रेमे पुकारेरे;
ध्यानी लोको सदा ध्यान धारे. बुद्धि० ॥४॥
प्रेमी जनने तो लागता प्रेमीरे, नेमी लोकोने लागता नेमीरे;
मति शास्त्र पारंगत जेनी. बुद्धि० ॥५॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

भजनीलोकोतोभजनीकजाणेरे,योग वाला तो योगी पीछाणेरे;
निर्मल लोक तो निर्मानी माने. बुद्धि० ॥६॥
जेनी राग रहित रुडी दृष्टिरे, शास्त्र मांही विशारद सृष्टिरे;
जेने वैराग्य वारिनी वृष्टि. बुद्धि० ॥७॥
देह त्यागी गया बीजा देशेरे, अमने ज्ञान अमृत कोण देशेरे;
हित शिक्षाओ गुरु ! कोण कहेशे. बुद्धि० ॥८॥
मोहराजाने मारी नाख्योरे, राग एक आत्मामांही राख्योरे;
गुरुभाव अजित शिष्ये भाख्यो. बुद्धि० ॥९॥

१७

# श्री सद्गुरुने प्रेमांजलि.

हरिगीत–गझल सोहिनी.

गुजरातमां जन्मी अने, गुजरातने पावन करी,
भयकापती भगवंतनी, अति दीव्यभक्ति आदरी;
सुज्ञान दीव्य प्रदेशनुं, निर्मल तमारामां हतुं,
ने आपना पथ लइ जवानुं, ध्यान पण सुन्दर हतुं. ॥१॥
जे जे तम्हारी पासमां, भावे भर्या जन आवता,
ते ते जनोने योग्य विधि, शुभ ज्ञान सुखकर आपता;
मूर्ति मनोहर आपनी, अम नयन गोचर आवती,
गुरुदेवकेरा भावथी, नयनो विषे जल लावती. ॥२॥
जगमांही जन्म्यो एज, जेणे विश्वनुं कंइ हित कर्युं,
उंची कदावर मूर्तिने, नयनो विमल प्रेमे भर्यां;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

मृदुहास्य संत प्रसंगमां, वचनो सुधाज्ञाने भर्यां. ॥३॥

ज्यारे अने त्यारे तमारा, निकटमां ग्रन्थो पड्या,
रहेता हता शुभशास्त्रना, के काव्यना के ज्ञानना;
घडी एक पुस्तक वांचता तो, ते विषे तल्लीन थता,
घडी एक भजन सुणी अने, आत्माविषे आल्हादता. ॥४॥

घडी एक ध्यान धरी प्रभुनुं, बाह्यमान विसारता,
घडी एक दीव्य निरीक्षणे, कंइ नवीन ग्रन्थ विचारता;
घडी एक वचनामृत दइ, प्रभुज्ञान अत्र प्रसारता,
ने विश्वनुं हित केम बने, ते दृष्टि मनमां धारता. ॥५॥

सुन्दर तमारा देहमां, सुन्दर वसी शमता हती,
ने मोक्षकेरा मार्गमां, गुरु आपने ममता हती;
आ सर्व विश्व भमावता, मनडातणी शमता हती,
आचार तत्त्व स्वरूपमां गुरु? सौम्य निर्मलता हती. ॥६॥

सहु भूतपर अनपायिनी प्रभु? आप मांही दया हती,
ने तीव्र तपना योगथी, कमनीय तव काया हती;
शिष्यो उपर शीतल सुभग, गुरु? आपनी छाया हती,
ममता रहित मानव उपर, मधुरी महद् माया हती. ॥७॥

छो आप ऊर्ध्व प्रदेशमां, करुणानी दृष्टि राखजो,
आधि अने व्याधि बधां, संकष्ट सद् गुरु? कापजो;
छे ध्वांत अम दिलडां विषे, त्यां ज्ञानरूपे व्यापजो,
वैराग्यरूपी कल्पतरुनुं, बीज स्थिर मन स्थापजो. ॥८॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सोरठो.

सद्‌गुरुनी थइ याद, मन तन व्याकुल थाय छे;
निर्मळ आप प्रताप, स्वीकारो अम अंजलि. ॥९॥

---

१८

## श्री गुरुनी स्तुति.

सहेरनो सूबो क्यारे आवशेरे—ए राग.

जन्मभूमि धन्य आपनीरे;
पवित्र विजापुर गाम सूरिराज!
धन्य कर्यो अवतारनेरे० टेक०

मोक्षना दाता महातमारे;
बुद्धिसागर रुडुं नाम. सूरिराज!
धन्य कर्यो अवतारनेरे० ॥१॥

मूर्ति मधुरी मनमोहिनीरे;
आवे अहोनिश याद. सूरिराज!
धन्य कर्यो अवतारनेरे० ॥२॥

अजपा जाप जप्यातमेरे;
कबजे कर्या जगतात. सूरिराज!
धन्य कर्यो अवतारनेरे० ॥३॥

उत्तम आव्यां वधामणांरे;
करता हता ज्यां विहार. सूरिराज!
धन्य कर्यो अवतारनेरे० ॥४॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

जबर जादू हतुं आपमांरे;
आपता बोध अपार. सूरिराज !
धन्य कर्यो अवतारनेरे० ॥५॥

कोमलता हती कान्तिमांरे;
कोमल वचन प्रकार. सूरिराज !
धन्य कर्यो अवतारनेरे० ॥६॥

परम पावन पद पामीयारे;
एमां न संशय रंच. सूरिराज;
धन्य कर्यो अवतारनेरे० ॥७॥

साचा मान्या जगदीशनेरे,
व्यर्थप्रमाण्यो प्रपंच. सूरिराज !
धन्य कर्यो अवतारनेरे० ॥८॥

अमने म्होटो हतो आशरोरे;
तरवा संसारनां नीर. सूरिराज !
धन्य कर्यो अवतारनेरे. ॥९॥

उत्तर गुर्जर देशमांरे,
साबर सरितानो तीर. सूरिराज !
धन्य कर्यो अवतारनेरे० ॥१०॥

कूडिलो कलियुग आवीयोरे;
धारणा करीए न धीर. सूरिराज !
धन्य कर्यो अवतारनेरे० ॥११॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

अजितसागर सूरि उच्चरेरे;
गुरुगम रम्य रुचिर. सूरिराज !
धन्य कर्यो अवतारनेरे० ॥१२॥

१९

# श्री गुरुगुणगान.

राउपरनो.

आंखडली अम आंसु भरीरे,
विरह कह्यो नव जाय, गुरुदेव !
क्यारे दर्शन हवे आपशोरे ! टेक.
काया पावन कारी आपनीरे,
संभारी दील डोलाय, गुरुदेव !
क्यारे दर्शन हवे आपशोरे. ! ॥१॥
वचन अमृत याद आवतांरे,
पावन कर्म सदाय, गुरुदेव !
क्यारे दर्शन हवे आपशोरे. ! ॥२॥
जननी ! भगत जन्म आपजेरे;
कां दाता कां शूर गुरुदेव, !
क्यारे दर्शन हवे आपशोरे. ! ॥३॥
नहींतर रहेजे वांझणीरे;
रखे गुमावती नूर, गुरुदेव !
क्यारे दर्शन हवे आपशोरे. ॥४॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सफल करीए अवतारनेरे;
सफल कर्यो अवतार गुरुदेव !
क्यारे दर्शन हवे आपशोरे. ॥५॥

सफल करी कुख मातनीरे;
सफल कर्यो संसार गुरुदेव, !
क्यारे दर्शन हवे आपशोरे. ॥६॥

योगनी युक्ति जाणी त्हमेरे;
तेम समाधिनो योग, गुरुदेव !
क्यारे दर्शन हवे आपशोरे. ॥७॥

आत्मस्वरूप त्हमे ओलख्युंरे;
योग गण्या अवयोग, गुरुदेव !
क्यारे दर्शन हवे आपशोरे. ॥८॥

दूर करी जग वांच्छनारे;
दूर कर्या हता दोष, गुरुदेव !
क्यारे दर्शन हवे आपशोरे. ॥९॥

परखरिया प्रेम पंथमारे;
जोष जोया निर्दोष, गुरुदेव !
क्यारे दर्शन हवे आपशोरे. ॥१०॥

अजितसागर सूरि विनवेरे;
बुद्धिसागर सूरिराय, गुरुदेव !
क्यारे दर्शन हवे आपशोरे. ॥११॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

रहेम नजर सदा राखजोरे;
सफल जन्म अम थाय, गुरुदेव !
क्यारे दर्शन हवे आपशोरे. ॥१२॥

२०

# गुरु विरह.

अलबेलीरे अंबेमात जोवाने जइए—ए राग.

सखी ! आव्यो मास आषाढ, विरही गुरुदेवे कर्या;
सखी ! उरमां अति उच्चाट, विरही गुरुदेवे कर्या. ए टेक.
घन गरजे चपला बहु चमके, थाय अंधारुं घोरजो;
गुरुविरही मुज चित्तडुं चमके, करतुं शोर बकोर. वि० ॥१॥
मृदु ठंडा वायलीआ व्हाता, खेडुत अनि हरखायजो;
पण तन पर ते नथो स्हेवाता, शरीर अतिवसुकाय.विरही०॥२॥
पृथ्वी उपर पाणी बहु पडतां, नदीओमां वहीजायजो;
सद्गुरु विरही मुज मन पाणी, हर्षरहित वहाय. विरही०॥३॥
नथी घरमां गमतुं आ दिवसे, सूनो थयो संसारजो;
अतिदुर्लभ गुरुजननी संगत, देती विमल विचार.विरही०॥४॥
नव पल्लववेल्ली थइ रही छे, फूली रह्यां छे फूलजो;
पण मुज मन वल्ली मूकाणी, उपजावे अतिशूल. विरही०॥५॥
अन्य जन्ममां आवी मले छे, मात जात ने तातजो;
सद्गुरु संगत मलवी कठीन छे, दायक प्रेमप्रभात.विरही०॥६॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

काम क्रोध कंकासने कापे, टाले भवना रोगजो;
ज्ञान भक्ति वैराग्यने आपे, संहारे सौ शोक. विरही०॥७॥
पृथ्वी अतिव प्रफुल्ल थइ छे, पामी पाणी प्रसंगजो;
सद्गुरु विरहे पण मुज मूक्या, अंतरना उमंग. विरही०॥८॥
नव अंकूर उग्या छे नौतम, उग्यां क्षेत्रे धानजो;
पण मम हर्षसमग्र सुकाणा, मनडे त्याग्यूं मान. विरही० ॥९॥
बाह्यअग्निनी ज्वालासारी, थाय विमल फरी अंगजो;
अजित अब्धि गुरुविरहनी ज्वाला, फेर न आपे उमंग.वि०॥१०॥

२१

# श्री गुरुविरहनो शोक.

राग उपरनो.

सखी गुरु ए त्यागी काय, शोक घन छाइ रह्यो;
हवे घरमां केम रहेवाय ? शोक अति छाइ रह्यो. ए टेक०
जन्म थयों विजापुर गामे, विद्या पण भण्या त्यांयरे;
महिमा प्रगट कर्यो निजपुरमां, तनु पण त्यागी त्यांय.शोक०
ओगणीसो एकाशी संवत्, ज्येष्ठ मास सुखकारजो;
कृष्ण पक्षने तिथि त्रीजे, स्वर्ग कर्यु स्वीकार. शोक० ॥२॥
तार अपाणा देशो देशे, लोक उदास अपारजो;
जैन हिंदु इस्लाम आदिसहु, समरे वर्ण अढार; शोक० ॥३॥
योगी योगी स्वरूपे जाणे, शास्त्री शास्त्र प्रकारजो;

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

कविजन जाणे कविनी कृतिथी, यति पण यति निरधार. शो०।४।
रंक उपर ते दया राखता, विद्यार्थी परव्हालजो;
भक्त उपर ते भाव राखता, निर्मल ज्ञान विशाल. शो० ॥५॥
देशो देशथी भक्तो आव्या, भारे थइ गइ भीडजो;
माय शोक नहीं दिलडां मांही, पूर्ण विरहनी पीड. शो० ॥६॥
राज लोकनी थाय न एवी, करी सामग्री त्यांयजो;
अगर-कपूर-चन्दननी च्हेमां, पधराव्या सूरिराय; शो० ॥७॥
दडदड आंसु वहे सौ जननां, वचने वद्यु न जायजो;
धन्य जीवन आ पर उपकारी, फरी क्यां दर्शन थाय. शो०॥८॥
क्रूर कठिन आ काल समयनी, नथी उचराती वातजो;
नमता शेठ श्रीमंत जे चरणे, ए तनु आज बलाय. शो० ॥९॥
विश्व आत्मा जाण्यो जेणे, जाणी जग निज जातजो;
अजित सागर सूरि अर्ज उच्चारे, धन्य धन्य मातने तात.
शो० ॥१०॥

---

२२

# गुरुप्रार्थना.

ललित—छंद.

गुरु दयालनी वातशी कहुं ! विरह भावथी रोइने रहुं;
अनुभवाब्धिनी लहेर आपता, गुरु ! विदारजो सर्व आपदा.॥१॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

गुरुविना बीजी छे गति नहिं, गुरु विना अहीं छे मति नहिं;
गुरुजी ! व्हालथी आप व्यापता, परिहरो हवे सर्व आपदा.॥२॥
पतित शिष्यनां कष्ट कापजो, उर विषे रुडां ज्ञान आपजो.
मुजशिरे सदा छत्र छाजता, गुरु ! विदारजो सर्व आपदा; ॥३॥
तिमिरता हती अज्ञता तणी, परिहरी त्हमे हे शिरोमणि;
करणी धर्मनी आपता हता, गुरुविदारजो सर्व आपदा. ॥४॥
जगतूलोकमां आत्मभावना, इतर कोण द्ये ! आपना विना;
शरण शिष्यनी लाजराखता, गुरुविदारजो सर्व आपदा.॥५॥
इतर तीर्थतो पाप कापशे, पण गुरु विना मोक्ष क्यां थशे;
अमतणी तमो मोंघी छो मता, गुरु विदारजो सर्व आपदा.॥६॥
रझलतो हतो विश्व रानमां, समज आपता धर्मज्ञानमां,
मम शिरे रह्यो ना विसारता,गुरु ! विदारजो सर्व आपदा.॥७॥
नमन आपना पायमां हजो, भ्रमणता हवे ना बीजी थजो;
अजित अब्धिनी एवी प्रार्थना, शरण राखजो हे दयाधना.॥८॥

---

२३

## श्रीसद्‌गुरुना चरण.

ललित छंद.

ललित छंदमां विनती करुं, ललित काल छे तोय हुं डरुं;
गुरु विना हवे केम गोठशे ? गुरु विना हवे ग्लानि शे जशे ? १
ममत माहरी छोडवी दीधी, ममत माहरी धर्ममां कीधी;
इतर सौख्यनी प्राप्तिओ थशे, गुरु विना हवे केम गोठशे? २

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

धर्मकर्मनी सान आपी छे, कुडमति तणी जाल कापी छे;
कुटिल भावने कोण कापशे, गुरु विना हवे केम गोठशे ? ३
विमल भावना ज्ञानना भर्या, धृति मति क्षमा धर्मना धर्या;
विशद वृत्तिथी कोण व्यापशे, गुरु विना हवे केम गोठशे ? ४
हृदय आज तो ना कह्युं करे, अडर छे थयुं तोय ते डरे;
स्थिर स्वभावने कोण स्थापशे, गुरु विना हवे केम गोठशे ? ५
भूल थती यदा ज्ञान आपता, कठिण क्लेशनां मूळ कापता;
मधुरता विना चित्त जो हशे, गुरु विना मति कोण आपशे. ६
गुरुजि ! आपना पायमां पड्यो, परमज्ञानथी ऊर्ध्व हुं चड्यो;
इतर आपदा कोण दाबशे, गुरु विना हवे केम गोठशे ? ७
तमतणी हती धींगी ढालडी, तमवडे रणे हुं शक्यो लडी;
हृदय सैन्यमां शी व्हले थशे ? गुरु विना हवे केम गोठशे ? ८

२४

# श्री गुरुभक्ति विना.

छंद भुजंगी.

चतुराइ त्हारे भले चित्त चोटी,
उमेदो करे छे घणी म्होटी म्होटी;
गुरुपादपद्मे न चेतस् थयुं जो,
थयुं शुं भण्या तो ? थयुं शुं गण्या तो ? १

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

बनी वैद्राजा दवाओ बनावे,
घणा भोगी रोगी भले घेर आवे;
गुरुपादपद्मे न चेतस् थयुं जो– थयुं शुं ? २
वकीलात कोर्टे भलेने करे तुं,
तिजोरी विषे दाम लावी भरे तुं;
गुरुपादपद्मे न चेतस् थयुं जो– थयुं शुं ? ३
भले लोक सन्मान आपे सभामां,
भले लोक अंजाय त्हारी प्रभामां;
गुरुपादपद्मे नचेतस् थयुं जो– थयुं शुं ? ४
अडे अभ्र एवां कर्यां हर्म्य म्होटां.
डरे लोक स्हेजे कदी सामुं जातां;
गुरुपादपद्मे न चेतस् थयुं जो– थयुं शुं ? ५
षडंगादि वेदो भलेने भणे छे,
वली काव्यभेदो खुशीथी करे छे;
गुरुपादपद्मे न चेतस् थयुं जो– थयुं शुं ? ६
रुडी अश्व अस्वारी काढी फरे छे,
घणो कामी तुं काम मांही रमे छे;
गुरुपादपद्मे नचेतस् थयुं जो– थयुं शुं ? ७
तजी ज्ञातिने त्हें तजी चोटी रोटी,
भले जाणी ले तो जगत् आश खोटी;
गुरुपादपद्मे न चेतस् थयुं जो– थयुं शुं ? ८

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

मल्या शीर्ष बुद्ध्यब्धि श्रीयोगिराजा,
अजिताब्धिना चित्तमांही बिराज्या;
कर्यो जन्म कृतकृत्यने मोक्ष दीधो,
तथा म्हें व्यथा त्यागी तुज बोध लीधो. थयुं शुं ? ९

---

२८

# ॐ—गुरुस्तुति

छन्द नाराच अथवा गजल अंग्रेजी वाजानो.

कुपात्र ने सुपात्र हेगुरो ? बनावता,
सुपात्रना प्रति त्हमे सहर्ष आवता;
गुणज्ञ लोकमां तमारी नामना हती,
गुणो अतीव आपना कह्या जता नथी. १

स्मरी स्मरी ज्वलायमान अंग थाय छे,
फरी फरी स्मरी स्मरुं अने स्मराय छे;
अमोथी ना बने बन्युंज जे तमो थकी,
गुणो गुणज्ञ ! आपना कह्या जता नथी. २

दुःखो विलोकी दीननां दयालुता थती,
सुखो विलोकी अन्यनां सुखार्द्रता थती;
भविक मंडली थकी सुप्रार्थना थती,
गुणानुवाद आपना कह्या जता नथी. ३

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

हसेल सामुं देखीने सुहास्य लावता,
रुदित सामुं देखीनेज अश्रु लावताः
अनेक लोकमां अनेक भावना हती,
गुणानुवाद आपना कह्या जता नथी. ४

कठीनता घटे तिहां कठीनता हती,
सुदीनता घटे तिहां सुदीनता हती;
करुण भावमां करुण भावना थती,
गुणानुवाद आपना कह्या जता नथी. ५

सुयोगी लोक आपने सुयोगी मानता,
अशोकी लोक आपने अशोक जाणताः
सुयोगता अशोकताभरी घणी हती,
गुणानुवाद आपना कह्या जता नथी. ६

विसारीये छतां कदापि विस्मरो नहि,
अनेक दोष शिष्यना दिले धरो नहिंः
महा अगाध भावना कली गइ नहिं,
गुणानुवाद आपना कह्या जता नथी. ७

पदाब्जमां अमारुं चित्त राखजो सदा,
उपाधि आधि व्याधिने विदारजो तथाः
अजित सद्गुरुपदे अजित विनती.
गुणानुवाद आपना कह्या जता नथी. ८

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

२६

# श्री गुरुमहिमा.

छन्द नाराच.

अलक्षदेशमां गुरुजी लक्ष राखता,
अपक्षपातमां सदैव पक्ष नाखता;
अदक्षलोक अर्थ आप दक्षता हती,
अमारी आ स्वीकारजो सदा नमस्कृति. १
अधर्य लोकने गुरुजी धैर्य आपता,
अशौर्यलोकने गुरुजी शौर्य आपता;
वडीलवर्गमां तमारी नम्रता हती,
स्वीकारजो अमारी आ सदा नमस्कृति. २
तमारी ज्ञानीलोकमांही ज्ञानता हती,
तमारी मानि छोकमांही मान्यता हती;
जगत् हितार्थ कार्यथी तनू भरी हती,
स्वीकारजो गुरु अमारी आ नमस्कृति. ३
सुभक्तलोकमां तमारी भक्तता हती,
विरक्तभावथी रुडी विरक्तता हती;
अनंत केटिवार छे प्रणाम त्वत्प्रति,
स्वीकारजो सदा अमारी आ नमस्कृति. ४
तमो विषे फकीरीनी अमीरी दर्शती,
करुणभावनी तथा सुदृष्टि वर्षती;
सदोज्ज्वलां हतां धृति कृति अने मति;
अमारी आ स्वीकारजो सदा नमस्कृति. ५

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

मगूढभावनी तमे अगूढता करी,
प्रमूढलोकनी घणीज मूढता हरी;
अगाधभावमां अगाधबुद्धि स्पर्शति,
स्वीकारजो सदा अमारी आ नमस्कृति. ६
कवितणा प्रसंगमां कवित्व दर्शतुं,
हरेक सौम्य वातमांही हैडुं हर्षतुं;
न जाणुं आपनी गुरो ! कइ हती गति,
स्वीकारजो सदा अमारी आ नमस्कृति. ॥७॥
मधुर ज्ञाननां तमे उघाडी बारणां;
उद्धार लोकनो कर्यो उतारुं वारणां;
अजित शिष्यनी पदाब्जमांही विनति,
स्वीकारजो सदा अमारी आ नमस्कृति. ॥८॥

---

२७

# मस्तफकीरी.

पूनमचांदनी खीली पूरी अहींरे-ए राग.

अति अलमस्तफकीरी बुद्धिसागर महाराजनीरे,
जेनुं वर्णन करतां वाणी विरमी जाय. अति-ए टेक.
साखी-शांतस्वरूप सोहामणुं, शांतस्वरूप सत्कर्म;
शांति भरेली वाणीथी, पावन पाल्या धर्म.
निर्मल एक अगोचर अलख निरंजन ध्यानमांरे;
अवधूत एवी दशानी वृत्ति केम विसराय. अति० ॥१॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

साखी–आत्माऽहं रटना सदा, जेनुं साचुं सूत्र;
विश्व सकल मम आतमा ए पुत्रि ए पुत्र.
म्हारुं त्हारुं एवी गणना अज्ञानी तणीरे;
जेने वसुधा एक कुटंब सदा समजाय. अति० ॥२॥

साखी–अगमपंथ जेनो घणो, अगम अगोचरदेव;
अगमभावना आत्मनी, अगमसुखावह सेव.
जेनी अगमदशा आ जगमां सज्जन जाणतारे;
पावक ज्वाला जेवी जेनी प्रेमप्रभाय. अति० ॥३॥

साखी–सुखने नव संभारता, दुःख पण तेवी रीत;
सहजानंद स्वभावमां, पूरी जेनी प्रीत.
जेनो राज रंकपर सरखो भाव सुहावतोरे,
वृत्ति एक अखंडित जिनवरमां देखाय. अति० ॥४॥

साखी–अज्ञानी जाणे नहिं, भेदु जाणे भेद;
अखेददेशनी वातने, शुं ? समजेज सखेद.
गुरुवर समदर्शी जग सदा शीयलसंतोषनारे;
उत्तम अनुभव महिमा वदतां केम वदाय ? अति० ॥५॥

साखी–देशविदेशे नामना, जाणे संतो सर्व;
गुणनिधि दुर्गुण परिहर्या, मोह नहिं नहिं गर्व.
वासी आनन्दघन यश विजयदेवना देशनारे;
महिमा गुरुनो जाणी अजितसूरि नित्यगाय. अति० ॥६॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

२८

# श्री गुरुदेवने.

गजल सोहिनी.

उद्यानमां गुलाबनी, कोमलकलिका जोइ छे;
मृदु कुन्द सौम्य शिरीषने, मधुमालिका पण जोइ छे.
उद्यान० ॥१॥

कोमलपणानी रसभरी, यौवनदशा निरखी अति;
पण आपना त्यां हृदयनी, मृदुभावना देखी नथी. उ० ॥२॥

जन पतितपावनी बोलता, ते जोइ छे भागीरथी;
मोहनतणी यमुना तथा, अतिरम्य जोइ सरस्वती. उ० ॥३॥

तापी तथा आ नर्मदाने जोइ छे साबरमती;
पण आपना शुभभावनी, रसवाहिनी देखी नथी. उ० ॥४॥

चलकाट करती चन्द्रिका, आकाशमां देखी घणी;
प्रातःसमय पूर्वा विषे, किरणावली देखी घणी. उ० ॥५॥

विद्युत्तणा चमकारनी, म्हें देखी छे ज्योति अति;
पण आपना त्यां ज्ञाननी, ज्योत्स्ना कदी देखी नथी.
उद्यान० ॥६॥

सिन्धुतणीय अगाधता, आकाशनी उंडाणता;
हिमगिरितणी उंचाणता, जलबिन्दुओनी प्रमाणता.
उद्यान० ॥७॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ए सर्व म्हें देख्यां छतां, गुरु आपना सरखां नथी;
चैतन्यसम जडवस्तुमां, प्रौढत्व म्हें देख्यां नथी. उ० ॥८॥
आकाशना तारातणी, गणना कदीक बनी शके;
वर्षादना जलबिन्दुनी, गणना कदापि थइ शके; उ० ॥९॥
पण गुरु तणा गुणनी कदी, गणना सुणी देखी नथी;
गुरुदेवसम म्हें दिव्यता, जन अन्यमां देखी नथी. उ० ॥१०॥
सिंहे करेली गर्जना, गजयूथने भय आपती;
ने सूर्यनी ज्योति तिमिरना, पुंजनेज हठावती. उ० ॥११॥
एवी गुरुनी गर्जनाओ, पाप ताप प्रजालती;
गुरु गर्जना सम गर्जना, बीजे महद् देखी नथी. उ० ॥१२॥

---

२९

# केवल दैव ?

## गजलसोहिनी.

मम जन्मनी भूमि जूदी, ने अन्य पृथ्वी आपनी;
मम मध्यता गुजरातनी, उत्तर हती गुरु आपनी. मम० ॥१॥

मम जन्मनी जाति जूदी, वली आपनी जाति जूदी;
आचार पण जूदा अने, वृत्ति हती तेमज जूदी. मम० ॥२॥

ना जाणतो गुरु कोण छो ? ना जाणता हुं कोण छुं;
त्यां जाण सर्वबनी गइ, छो कोण गुरु हुं कोण छुं. मम० ॥३॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

हुं अन्य पंथे परवर्योने, आप पण बीजे गया;
पण पूर्वना परिबल वडे, संबंधी थइ भेगा थया. मम० ॥४॥

म्हारी अने गुरु आपनी, थइ भूमिकामां एकता;
म्हारी अने गुरु आपनी, थइ जातिमांही एकता. मम० ॥५॥

उत्तर अने वळी मध्यनी, आजे बनी गइ एकता;
आचार वृत्ति विचारमां, गुरु आज थइ गइ एकता. मम०॥६॥

आ दैवनी कृति एकतानी, भिन्नता केम्ज बने:
अद्वैत–मांहि एकतानी, द्वैतता क्यांथी बने. मम०॥७॥

जे नगरमां सूतो हतो, त्यां मृत्यु घंटा गाजती;
घनश्याम सूना आश्रमे, शय्या अमे कीधी हती. मम०॥८॥

त्यां एकदम आवी तमे, आज्ञा सुखद आपी दीधी;
जाग्रत मधुर आवी अने, निद्रा दुःखावह दूर कीधी. मम०॥९॥

म्हारा सुना मंदिर विषे, भरपूर वस्ती आपनी;
म्हारा मृदुल मंदिर विषे, मृदुभक्ति शस्ती आपनी. मम०॥१०॥

म्हारा सुभग आश्रम विषे, शुभमूर्त्ति हसतो आपनी;
विसराय ना ने जायना, रमता हती ते आपनी. मम०॥११॥

आ दैवकृत संयोगनो, उपयोग पण पूरण थयो;
घनरात्रि आज हठावी भासुर, उदय पण पूरण थयो.
मम० ॥१२॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

आ अमरताना योगमां, मरता हवे देखुं नहि;
मरता मरी अमरत्वमां, त्यां अन्य कंइ मीच्छुं नहिं. मम०॥१३॥
जाता नहिं जाता नहिं; जातां छतां जाशो नहिं;
सूरि अजितनो आश्रम तजी, बीजे खुशी थाशो नहिं.
मम० ॥१४॥

---

पद.

तारुं मनडुं मायामां मोही रह्युंरे,
भर्युं अंतरमां अति अभिमान;
एथी ईश्वरने त्हें नव ओलख्यारे. ए टेक०
कदी परनुं भलुं करतो नथीरे,
देतो नथी गरीबोने दान; एथी० ॥ १ ॥
जूठुं बोल्यामां दिवसो जायछेरे,
त्हारा पापमां बंधाणा छे प्राण. एथी० ॥ २ ॥
नथी दीनता दया त्हारा दीलमांरे,
धन हरवामां थयुं सदा ध्यान. एथी० ॥ ३ ॥
परनार जनेता समी जाणी नहीरे,
गम्या घटमां कपट कंकास; एथी० ॥ ४ ॥
संत साधुने कदी नमतो नथीरे,
खलखूटलना संग गम्या खास; एथी० ॥ ५ ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

नने विचार विवेक घडी नव गम्योरे,
नथी प्रभुजीना नाम उपर प्यार; एथी० ॥ ६ ॥
संत साधुनी सेवना साधी नहीरे,
शेठ लोकोनो मोटो सरदार; एथी० ॥ ७ ॥
माटे समजीने सिद्ध पंथ चालजेरे,
प्रभु भजनमां थाजे हुंशीयार; एथी० ॥ ८ ॥
अजितसूरिना व्हालाने भज भावथीरे,
त्हारा भवनो बेडो थाय पार. एथी० ॥ ९ ॥

---

३०

## गुरुस्मरणाष्टकम्

वसन्ततिलका.

सच्चित्सुखास्पदमनन्यगुणानुहारी.
सौराष्ट्रराष्ट्रजनतापरिपुप्रहारी;
निर्वाणमोह भवभीतिरयापहारी,
सूरीशबुद्धिजलधिः स्वर्गोत्सुकोहा ? ॥१॥
दीव्यात्मशक्तिमणिना हृदयावरूढं,
गाढान्धकारमखिलं भवता निरस्तम् ।
विज्ञानवास ? कुमताध्वनिवारकस्त्वं,
रिक्ता त्वयाद्य वसुधाऽधिविराजते नो ॥२॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सर्वागमार्थविदखण्डितबोधगेहं,
विद्यापुरस्थजनमङ्गलहेतुराद्यः ।
अद्यामरेन्द्रपुरवासमनुप्रपन्नः,
शून्यं विभाति जगदिष्टगुरो ? समस्तम् ॥३॥
हे सूरिपुङ्गव ? विभो जनसंशयानां,
छेत्ताऽधुना न सुलभः समतानिधानः ।
कं ज्ञानिनं समधिगम्य मनोभिलाषां,-
पूर्णीकरिष्यति वचःसुधया जनोऽयम् ॥४॥
विद्यावतां व्रतजुषां स्पृहणीयशीलः,
शीलाङ्गभारवहनेऽतिधुरन्धरश्रीः
अध्यात्ममण्डलविभावक आत्मनिष्ठः,
सुरीश बुद्धिजलधिः स्वदशां प्रयातः ॥५॥
आनन्दमूर्त्तिरखिलागमसारवेदी,
विज्ञातदर्शनमतोमतभेदभिन्नः ।
संप्राप्तपण्डितपदः कविराजराजः,
सूरीशबुद्धिजलधिः स्वगतिं प्रपन्नः ॥६॥
श्रीविरशासनमिदं रुचिरं विभाति,
यद्वाग्विलासविभवेन सुविस्तृतेन; ।
यत्पादपङ्कजरतिः शुभदा नराणां,
सूरीश बुद्धिजलधिः स्वगतिं प्रयातः ॥७॥
हे सद्गुरो ! मतिसुधारक ? तावकीनं,
पादारविन्दमतुलं सततं स्मरामि ।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

नान्यन्मदीयशरणं कलयामि सूरे ?
संसारतारक ! विभो ? भवपारगामिन् ॥८॥
सूरीश्वरेण सुधियाऽजितसागरेण,
संगीतमेतदनपायसुखप्रदायि ।
गुर्वष्टकं गुरुगुणानुविधानदक्षं,
स्मर्तुः सदा सुखकरं कलिकालमध्ये ॥९॥

---

३१

## श्रीमद् योगनिष्ठ सद्गुरुश्रीबुद्धिसागर-सूरीश्वर-विरहाष्टकम्

शार्दूलविक्रीडितम् ॥

श्रीमान् धर्मधुरन्धरः सुखमयः शङ्कातमस्तारकः,
कर्मारिक्रमभेदकः क्षितितले सद्बोधबीजाकरः ।
स्याद्वादामृतसिन्धुशीतकिरणश्चारित्रचूडामणिः,
श्रीमद्बुद्धिपयोधिसूरिसविता क्वास्तंगतः संमतः ॥१॥
वक्ता वादिगणेषु वादविरतः सत्याश्रितान्तःक्रियो-
वैराग्यैकरसार्द्रमानसवरः सर्वार्थसिद्धिप्रदः ।
सर्वापत्तिनिवारको मुनिवरः संप्रार्थितः सर्वदः,
श्रीमान् बुद्धिपयोधिसूरिसविता क्वास्तंगतः संमतः ॥२॥
अध्यात्मैकविदां सदैव विदितः सद्ध्यानमेरुश्रितो-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

भक्तानामभयङ्करः शिवकरः सर्वापदां वारकः ।
नानादर्शनदीक्षितः क्षितिभुजां मौलीकृतोऽकामतः,
श्रीमान् बुद्धिपयोधिसूरिसविता क्वास्तंगतः संमतः ॥३॥

दुर्दैवस्य विलास एष निखिलः प्रोज्जृम्भितो भूतले,
मन्ये सद्गुरुपुङ्गवस्य विरहः स्यादन्यथा मे कुतः ।
योगानन्दविलासलासितमनाः सिद्धिश्रिया सेवितः;
श्रीमान् बुद्धिपयोधिसूरिसविता क्वास्तंगतः संयतः ॥४॥

यस्यानन्तगुणानुवादकरणे नो शक्तिमान् वाक्पति-
र्यद्गाम्भीर्यमगाधमुन्नतधियां नैव स्फुरेन्मानसे, ।
तत्त्वार्थप्रतिबोधभासुरगिरां यः संशयोच्छेदकः,
श्रीमान् बुद्धिपयोधिसूरिसविता सोऽस्तंगतः संयतः ॥५॥

श्रीमद्भारतभूमिभूषणमलं मोहान्धकारापहः
श्रीमद्गौतमसम्पदां कुलगृहं हन्ताऽऽपदां लौकिकीम् ।
श्रीयोगीन्द्र इलाधिराजमहितः, शिष्टक्रियाकर्मठः,
श्रीमान बुद्धिपयोधिसूरिसविता क्वाऽस्तंगतः संयतः ॥६॥

ग्रन्थान् यःकृतवान शतं सुललितानष्टोत्तरं भासुरान्,
तत्त्वार्थप्रचुराँश्चराचरहिते नित्योद्यमी संयमी ।
सोऽयं भास्वरकान्तिमान् प्रकटयन्निर्वृत्तिमार्गक्रमं,
श्रीमान बुद्धिपयोधिसूरिसविता क्वाऽस्तंगतः संयतः ॥७॥

लोकानामुपकारकारकगुरो ? सर्वत्र कीर्त्तिस्तव,
त्रैलोक्यां विलसत्यखण्डितगुणा संदर्शनं दीयताम् ।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

निर्मूल्यात्मसमाधिना रिपुमणं स्वानन्दसौधस्थितः,
श्रीमान् बुद्धिपयोधिसूरिसविता क्वाऽस्तंगतः संयतः॥८॥
शुद्धानन्दविधायकं भवभयक्षोभान्तकं पावनं,
सूरीशाजितसागरेण विहितं गुर्वष्टकं शोभनम् ।
ये शृण्वन्ति हृदि स्मरन्ति मनुजा नित्यं पवित्रात्मना,
तेषां सन्निधितामयन्ति विविधाः संपत्तयः शोभनाः ॥९॥

---

३२

# गुरुगुणगीतम्

कव्वाली.

महानन्दं निरानन्दं, निराकारं निराबाधम् ।
सुखाकारं चिदानन्दं, पदं शुद्धं सदाभीष्टम् ।
क्रियाकाण्डं समभ्यस्तं, तपस्तप्तं त्रिधा गुरुम् ।
नरामरनाथसंयुक्तं, पदं मनसाऽपि नो क्लृप्तम् !
प्रभो ! बुद्धिसुधासिन्धो ? स्मरामि त्वत्पदाम्भोजम् ॥१॥
भजनमैकान्तिकं कान्तं, निरारम्भं जनानन्दम् ।
विशालं लालितं तावत्–कृपासागर ? मुनीशेन ।
सदा सूरीन्द्रगुणनिष्ठ ? महायोगीन्द्रपदधारिन् ? प्रभो ॥२॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

कुबोधारे ? विमोहारे ? भवभ्रान्तिक्रमच्छिन्न ?
रचिततत्त्वाकरग्रन्थ ? समागमसारनिर्मन्थ ?
परापरभेदतात्यागिन् ? निरंजन देवतारागिन् ? प्रभो ॥३॥

क्षमाधारिन् ? गुणाचारिन् ? प्रतापिन् ? बालब्रह्मचारिन् ?
महायोगिन् ? पराभासिन् ? सुभाषितसाररसधारिन् ?
धराधीशप्रजापक्षिन् ? विपक्षारिक्षयाकारिन् ? प्रभो ॥४॥

मणीमोति लल्लुवाडी, सुरागी वीरचन्द्रश्च;
गुणानन्दे रता मोहन–जिवनमुख्या महाभक्ताः ।
कृतार्थं मन्वते जन्म, स्वकीयं सर्वदाभक्त्या ? प्रभो ॥५॥

जगज्जीवास्त्वनेकेऽपि, भवद्वाणीसुधासिक्ताः,
भवापत्तिं क्षणात्तीर्त्वा, महानन्दालये रक्ताः;
कृताः केऽपि त्वया मुक्ता–महामारीभयाद्भक्ताः. प्रभो ॥६॥

मधुपुर्यां जिनाधीश–महासौधान्तिके रम्यम्; ।
सुघण्टाकर्णवीरस्य, निकामं मन्दिरं शुभ्रम्; ।
विभान्ति प्रेमसंबद्धाः, स्वपरपक्षाश्रिता लोकाः प्रभो ॥ ७ ॥

कियन्तो देशवासिनः, समासाद्य प्रकटबोधम्,
भवच्चरणाम्बुजासन्नाः, महासंसारपारीणाः ।
विभान्ति प्रेमसंबद्धाः स्वपरपक्षाश्रिता लोकाः ? प्रभो ॥ ८ ॥

जननमरणापहो लोके, त्वदन्यो दृश्यते नैव;
इदानीं कं गमिष्यामि ? शरण्यं तत्त्वजिज्ञासु–
मुनीनां मण्डलं शून्यं, विभाति त्वद्विभाहीनम् ? प्रभो ॥ ९ ॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सुधासारां भवद्वाणीं, कृष्णगीतामयीं पीत्वा;
असकृच्छर्मणोऽऽगारं, प्रयाताः संसृतेः पारम् ।
विशुद्धं चित्रचारित्रं, त्वदीयं सिद्धसुखमित्रम् ।
अजितसूरिकृतं स्तोत्रं सदा बुद्धिप्रदं भवतु. ॥ प्रभो ! १० ॥

---

३३

# गुरुविरहाष्टकम्

ललित छन्द.

भवभयार्त्तिहं ते पदाम्बुजं, भुवि सुदुर्लभं सूरिपुङ्गव ! ।
गुरुकृपानिधे ! बुद्धिवारिधे ! वितर दर्शनं कामदं वरम् ॥१॥
स्मरणमुत्कटं ते मुनीश्वर ! मोक्षशर्मदं भक्तवल्लभ !
वरद ! विश्वतस्तारकोत्तम ! वितर दर्शनं कामदं वरम् ॥२॥
कलिमलापहं भद्रकीर्त्तनं, तव विभो ? क्षितौ क्षीणकर्मणः
श्रुतमहोदधे स्तत्त्व वेदक ? वितर दर्शनं बुद्धि वारिधे ? ॥३॥
तव विभुतयः सर्वतः स्थिता—मतिमतां मनःसद्मनि प्रभो ?
कलयितुं न कोऽप्यस्ति ताःक्षमो,-वितर दर्शनं बुद्धिवारिधे?॥४॥
तव समाधिना नाथ ! केवलं, शयनमङ्गिनो दुर्भगाःखलु;
विधिवशादिदं जातमक्षमं, वितर दर्शनं बुद्धिवारिधे ! ॥५॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

विशदभूतिमाँल्लौकिको गणो, तवगुरो ? वचःसंपदा सदा;
तदपि तावकं दर्शनं वरं,नहि जनः प्रभो ? विस्मरत्यहो ? ॥६॥
मधुमतीजनक्षेमदायक ? विविधतत्त्वतो गीतगायक ? ।
विगबमन्युना संघपालक ? वरगुरो ? शुभं दर्शनं तव ? ॥७॥
भवति शोभनस्त्वद्गतोजनो–निखिल सिद्धिमान् दुर्मतास्तथा ?
परमभावतः प्रेमभाजन ? वितर दर्शनं बुद्धिवारिधे ? ॥८॥

भवारण्ये भ्रान्ता–जननमरणव्रातविधुराः,
अनेके संयाता,–ध्रुवपदमखण्डात्मविभवाः ।
अथं ते सद्भावः समजनि महामोदजनक–
इदानीं स्वर्यातः किमु गुरुवर ? क्षेमसदन ? ॥९॥

अजितसागरः सूरिरष्टकं, गुरुगुणप्रियः पावनं वरम् ।
श्रुतिपथं जना ये प्रकुर्वते, विहितवानलं ते शुभान्विताः ॥१०॥

---

३४

# श्रीसद्गुरुस्मरणम्.

स्रग्धरावृत्तम्–

श्रीमन्तं ज्ञानवन्तं विशदमतिमतां संमतं चारुमूर्त्तिं,
सौभाग्यैकप्रधानं प्रवरसुखपदं सर्वशास्त्रप्रवीणम् ।
शुद्धानन्दप्रकाशं विबुधजनवरं कर्मभूमीरवनित्रं,
बुद्ध्यब्धिं सूरिवर्यं स्मरत भविजनाः ? सद्गुरुं दिव्यरूपम् ॥१॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

अव्यक्तार्थप्रबोधं विमथितमदनं धर्मतत्त्वप्रदानं,
विघ्नारण्याम्बुधारां समधिगतसुखं साधितार्थप्रमाणम्।
सच्चित्तानन्दगेहं जननमृतिहरं मृत्युपारं प्रयातं,
बुद्ध्यब्धिं सूरिवर्यं स्मरत भविजनाः! सद्गुरुं दिव्यरूपम्॥२॥

रे रे! भव्यात्मलोकाः ? श्रयत पदयुगं यस्य सिद्धान्तभाजः।
मोक्षस्वर्गार्थिदार्थं विविधसुखमयं सर्वसंपत्तिराजः।
छिन्नाऽनर्थप्रतानं कविकुलतिलकं भूरिलोकप्रगीतं,
बुद्ध्यब्धिं सूरिवर्यं स्मरत भविजनाः? सद्गुरुं दीव्यरूपम्॥३॥

श्रीमद्विद्यापुरस्था नरयुवतिगणाः कीर्त्तिपीयूषसारं,
पीत्वा पीत्वा निकामं सुखरतिमगमन् दिक्षु लोकाश्च यस्य;
लोकालोकप्रभावं सदतुलविभवं सिद्धिशर्मैकधाम,
बुद्ध्यब्धिं सूरिवर्यं स्मरत भविजनाः? सद्गुरुं दीव्यरूपम्॥४॥

गीता गीतार्थयुक्ता श्रितनिगमनया येन सा कृष्णगीता,
विद्वद्वर्येण सारा विलसति वसुधामण्डले मोदमाला।
योगाङ्गज्ञानवित्ता सुरचितघटना भिन्नकर्मप्रभावा,
बुद्ध्यब्धिं सूरिवर्यं स्मरत भविजनाः? सद्गुरुं दीव्यरूपम्॥५॥

दर्शं दर्शं प्रभावं भवदभयहरं यस्य सूरीश्वरस्य,
श्रावं श्रावं यदीयां भजनविरचनां निर्ममत्वार्थबोधम्।
स्मारं स्मारं च शैलीं गुणगणविदितां तुष्टिमन्तः समस्ता,—
बुद्ध्यब्धिं सूरिवर्यं स्मरत भविजनाः? सद्गुरुं दीव्यरूपम्॥६॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सारं सारस्वतं यो मनसि कलितवानक्षतं शुद्धबुद्धया,
न्यायं नव्याऽनवीनस्मृतिविषयम (लं) रं चक्रिवानेकभावः ।
वेदान्तं वेदसारं भजनपदतया व्याहृणोदक्षतार्थं.
बुद्धयब्धि सूरिवर्यं स्मरत भविजनाः? सद्‌गुरुं दीव्यरूपम् ॥७॥

भूतानां भूरिभाग्याद्‌ गुरुगुणनिलयं यं धरन्ती धरित्री,
रत्नाढ्या कीर्त्तिनेयं जनहृदयहरं कल्पवल्लीप्रभावम् ।
दैवं सर्गं प्रपन्नस्तदखिलजनताऽभाग्यमेवाधुनाऽसौ.
बुद्धयब्धि सूरीवर्यं स्मरत भविजनाः? सद्‌गुरुं दीव्यरूपम् ॥८॥

सूरीशेनाजितेन प्रविहितमनघं स्तोत्रमेतद्‌गुरूणां,
श्रीशान्तिक्षेमसौधं जननमरणहृं दुःखदारिद्र्यहारि ।
श्रुत्वा ये धारयन्ते निजहृदि विशदान् सर्वशमकमूलान्,
तेषां सर्वात्मसिद्धिर्भजति शुभगुणान् पार्श्वभावं स्वभावात् ॥९॥

---

३५

# गुरुगुणाष्टकम्.

आत्मध्यानपरायणं निजगुणान्संशोधयन्तं सदा,
ज्ञानानन्दमहालयं श्रितजनक्षेमङ्करं शङ्करम् ।
हेयाऽहेयविवेकरत्नजलधिं सत्यव्रतक्षेत्रकं,
सूरिश्रीयुतबुद्धिसागरमुनिं वन्दे सदा योगिनम् ॥१॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

विद्यारत्नमहोदधिं मुनिवरं निर्मानमोहक्रमं,
योगक्षेमसमानतां विदधतं स्वच्छक्रिये मानसे ।
जिज्ञासुश्रमशोषिणं नयवचःपीयूषसंसेचनात्,
सूरिश्रीवृतबुद्धिसागरमुनिं वन्दे सदा योगिनम् ॥२॥

सच्छ्रद्धावनवीथिकावनधरं सौभाग्यसारप्रदं,
हिंसाऽरण्यहुताशनं कलिमलप्रध्वंसगङ्गाजलम् ।
उच्छिन्नान्तरवैरिवार मनघं दीव्यप्रभाभासुरं,
सूरिश्रीवृतबुद्धिसागरमुनिं वन्दे सदा योगिनम् ॥३॥

निर्मातारमनेकशासनविधिं वक्तारमन्यप्रियं,
दातारं सुखसंपदां प्रतिदिनं हर्तारमक्षेमताम् ।
त्रातारं विषमस्थितिप्रतिहतान् जेतारमक्षव्रजं,
सूरिश्रीवृतबुद्धिसागरमुनिं वन्दे सदा योगिनम् ॥४॥

मान्यानामपि माननीयममलं तेजस्विभिः सेवितं,
क्षुब्धानामपि चेतसि प्रकटयन्तं सत्यबोधं सदा ।
विज्ञानैकसुधाकरेण मनुजान्सन्तोषयन्तं भुवि,
सूरिश्रीवृतबुद्धिसागरमुनिं वन्दे सदा योगिनम् ॥५॥

यत्पादाम्बुजदर्शनेन विपदो, नश्यन्ति भव्यात्मनां,
सम्पत्तिश्च समुन्नतिं कलयति क्षेमाङ्कुराम्बुप्रदा ।
कीर्तिर्दिक्षु दशस्वपि प्रतिदिनं व्याप्नोत्यकालोद्गमाः
सूरिश्रीवृतबुद्धिसागरमुनिं वन्दे सदा योगिनम् ॥६॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

यन्मूर्त्तिर्हृदि भाविता जनयते माङ्गल्यमालां शुभा,
दुर्वारोऽरिगणः प्रशाम्यति महासंसारदुःखप्रदः
निर्वाणं निजभावतोऽपि विधिना सान्निध्य मापद्यते,
सूरिश्रीवृतबुद्धिसागर मुनिं वन्दे सदा योगिनम् ॥७॥

सद्वचनामृतसेवधिं निरवधिं मोदं सदा बिभ्रतं,
कैवल्यं कलयन्तमात्मसुखदं तत्त्वाऽवधानेन वै ।
दीनानुद्धारयन्तमत्र पतितान्संसारगर्त्ते क्षणाद्
बुद्धिक्षीरनिधिं स्मरामि सततं सूरीश्वरं योगिनम् ॥८॥

सर्वापत्तिपयोधर प्रतिहतौ वातप्रकाण्डं महद्,
दुष्कर्मारिसमूहमर्दनविभु क्षेमङ्करं सर्वदा ।
सद्गुर्वष्टकमेतदिष्टसदनं संपद्यतां सर्वदं,
सूरीशाजितसागरेण विहितं त्रैलोक्यसंत्रायकम् ॥९॥

---

३६

# सद्गुरुस्मरणाष्टकम्

स्रग्धरावृत्तम्–

सद्भावेनोपपन्नं क्रमगुणनिधितां भावयन्तं समानां,
लोकेषु ख्यापयन्तं धृतिशमनिवहं चेतसा चिन्तयन्तम् ।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

संसारोद्विग्नभावं कलिमलजडतां ह्रापयन्तं स्वबुद्ध्या,
लोकानानन्दयन्तं प्रकृतिवशगतान् बुद्धिवर्द्धिं नमामि ॥१॥

ध्यानारूढं सुनासं दृढतरविहितानन्यपद्मासनस्थं,
विज्ञानज्ञानसङ्गोदकनिधिमतुलं छिन्नभावारिपाशम् ।
कारुण्याक्रान्तमूर्त्तिं जनचयहृदयाभीष्टतत्त्वामरद्रुं,
योगीन्द्रं बुद्धिवार्द्धिं भजतु जनगणः सूरीसाम्राज्यभाजम्॥२॥

भोगाभोगोपकृत्यं शिवसुखहतकं सर्वदा वर्जयन्तं,
शास्तारं वर्ष्मसंस्थेन्द्रियतुरगगणं योगलब्ध्या सहेलम् ।
कामारिं कामजन्यां विविधमदकरीं भावनां चोच्चयजन्तं,
योगीन्द्रं बुद्धिवार्द्धिं भजतु जनगणः सूरीसाम्राज्यभाजम्॥३॥

वाराणस्यां वसन्तं विबुधजनगणं लब्धविद्याप्रसादं,
सन्तोषं प्रापयन्तं निरवधिममलज्ञानचन्द्रोपलेन ।
तं सर्वैः सर्ववृत्त्या सकलकलगुणप्राप्तये सेवनीयं;
योगीन्द्रं बुद्धिवार्द्धिं भजतु जनगणः सूरिसाम्राज्यभाजम्॥४॥

नित्यानन्दप्रकाशं प्रमथितमदनं गीतनीतिप्रभाव-
मज्ञानध्वान्तराशिं निजमतिरविणा नाशयन्तं जनानाम् ।
ध्यानाध्वानं विशालं विदधतमनघं भूरिभाग्योपसेव्यं,
योगीन्द्रं बुद्धिवार्द्धिं भजतु जनगणः सूरिसाम्राज्यभाजम् ॥५॥

प्राणायामप्रवीणं प्रकटितविभवं सिद्धिसौधाधिरूढं,
योगाङ्गज्ञानवित्तं प्रविदितसकलप्रत्नतत्त्वागमार्थम् ।

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

सर्वानर्थप्रभेदं शरणमुपगतानुद्धरन्तं समस्तान्,
योगीन्द्रं बुद्धिवार्द्धि भजतु भविगणः सूरिसाम्राज्यभाजम्॥६॥

विख्यातं दिक्षु सर्वास्वपि निजगुणतः शुद्धवृत्तिस्वभावं,
सद्धर्मणोपपन्नं सुघटितसुकृतं सर्वतन्त्रस्वतन्त्रम् ।
शुद्धप्रेम्णो निशान्तं प्रशमित कलहं क्रूरकर्मान्तिकारं,
योगीन्द्रं बुद्धिवार्द्धि भजतु भुविजनः सूरिसाम्राज्यभाजम्॥७॥

दुर्बोधानीहतत्त्वान्यतिसुगमतया व्यावृणोद्यः सुरवाथ,
दुर्बोधान्धान्मनुष्यान्विकसितनयनान्व्यातनोत्स्वीयशक्त्या ।
दुर्वादस्थान्समस्तानकुरुत सततं सत्यमार्गाधिरूढान्,
योगीन्द्रं बुद्धिवार्द्धि भजतु भुविजनः सूरिसाम्राज्यभाजम्॥८॥

अजितसागरसूरिविनिर्मितं, स्वगुरुभक्तिरसेन शुभां गतिम् ।
कुमतिभूरुहकुञ्जरमष्टकं, श्रुतिपथं कुरुते स तु वीक्षते ॥९॥

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com



मुद्रकः चीमनलाल ईश्वरलाल महेता
मुद्रणस्थानः वसंत मुद्रणालय
घीकांटारोड, सीविलहॉस्पीटल सामे,
अमदावाद

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શાસ્ત્રવિશારદ, યોગનિષ્ઠ, અધ્યાત્મ-મસ્ત કવિરત્ન,

જૈનાચાર્ય, શતાધિક ગ્રંથરચયિતા.

## શ્રીમદ્ બુદ્ધિસાગરજી મહારાજની

# ટૂંક જીવનરેખા

卐

૨૧ મી જયંતિ પ્રસંગે

૨૦૦૨ જેઠ વદી ૩ સોમ, તા ૧૭-૬-૪૬

સ્થળ: ગોડીજી જૈન ઉપાશ્રય મુંબઈ

— પાદરાકર

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શાસ્ત્રવિશારદ, યોગનિષ્ઠ, અધ્યાત્મ-મસ્ત કવિકુલકિરીટ જૈનાચાર્ય,
શતાધિક ગ્રંથ રચયિતા
શ્રીમદ્દ બુદ્ધિસાગરજીની નં........

# ટૂંક જીવનરેખા

મહાગુજરાતના વડોદરા રાજ્ય શાષિત, વિજાપુરમાં કણબી પટેલ શિવદાસને આંગણે વિ. સં. ૧૯૩૦ના મહા વદિ ચૌદશ, શિવરાત્રીના રોજ શુભ સ્વપ્નસુચિત એક ભાગ્યશાળી બાળકનો જન્મ થયો. તેમની માતાનું નામ અંબા હતું. ભાઇઓ, બહેનો હતાં. તેમનુ નામ બહેચર પાડવામાં આવ્યું. અસંસ્કારી કૃષિકારનો બાળક ત્યાંની ગામઠી શાળામાં ગામની ભાગોળે વિશાળ વડલા હેઠળ લાકડાની પાટી અને વતરડાંની કલમથી ધૂળ વડે એકડો લખતો લખતો આગળ ઉપર મહાન બને છે. ઉંમરલાયક થતાં માતાપિતાના પરણાવવાના કોડ અધૂરા મૂકી ત્યાગના મનોરથ સેવે છે, માબાપના વાત્સલ્ય-ઉપકારો સ્મરી તેમના જીવતાં ત્યાગી ન થવા નિશ્ચય કરે છે, અને વિદ્યાર્થી મટી શિક્ષક-વિશ્વાટવીનો વિદ્યાર્થી બની નીકળી પડે છે, આજીવન બ્રહ્મચર્ય ધારણ કરે છે, અને ત્યાગ, વિરાગ, સંયમ, અલખના અહાલેક દ્વારા દેવી ગુર્જરીને અર્પાઇ, તેની શહીદી મંજૂર કરે છે.

દૈવયોગે મહાન સદ્દગુરૂ શ્રી રવિસાગરના દર્શને આંતર-ચક્ષુ ખુલે છે, અને ત્યાગી થવાની ભાવના દૃઢતર થાય છે. ખૂબ ખંતથી અભ્યાસ કરે છે. નવું નવું જોવા, જાણવા, શીખવામાં ડૂબી જાય છે. ૧૯૫૭ માં માતાપિતા સ્વર્ગપંથે સંચરે છે, અને

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

સદ્‌ગુરૂચરણે પહોંચી જઈ ગુરૂમંત્ર (દીક્ષા) આપવા વિનવે છે. તેમના ત્યાગ, વિરાગ, અને હૃદયની વિશાળતાની ખુશબોએ ખેંચાએલો પાલણપુરીય સમસ્ત સંઘ ભવ્ય આડંબરથી તેમને સં. ૧૯૫૭ માગશર શુદિ ૬ ના રોજ શ્રી રવિસાગરના પટ્ટ-શિષ્ય શ્રી સુખસાગરજીના હસ્તે દીક્ષિત બનાવે છે, અને પછી તો આ આત્મકલ્યાણનો મસ્ત સાધક વિશ્વના ખુલ્લા વિશાળ ચોકમાં, વિશ્વને આત્મકલ્યાણ, અધ્યાત્મ, યોગ, સ્વદેશ, સમાજ અને સ્વધર્મોન્નતિના કલ્યાણતર માર્ગના પયગામ આપતો ફરે છે.

ગુર્જરગિરાને અન્ય સમોવડી ભાષાઓથી ઉન્નતશિરા કરવાના કોડ સેવતા શ્રીમદ્‌ કલમ વાણી અને જીવનના પુષ્પચંદન સહિત દેવી ગુર્જરીને અર્પાઇ જાય છે. સર્વ સંપ્રદાયો, વિદ્વાનો અને તત્વચિંતકોને સ્વજ્ઞાનાનુભવથી મુગ્ધ કરે છે.

સં. ૧૯૬૯ માં તેમના ગુરૂદેવ સ્વર્ગગમન કરતાં ગચ્છા-ધિપતિ થવું પડે છે, અને આખા સંઘાડા (સંઘાટક–પોતાના શિષ્ય અને ભક્ત પરિવાર) ના રક્ષણવિકાસની જવાબદારી તેમને માથે પડે છે, છતાં આ વીર યોગી, બધાની અસલિયાત સમજી સ્વફરજ મૂગા ચીવટાઇથી અદા કરે છે. પછી તો તેમના અગાધ જ્ઞાનથી મુગ્ધ બનીને શ્રી પેથાપુરનો જૈન સંઘ તેમને સં. ૧૯૭૦ માં આચાર્યપદ સાડંબર સમર્પે છે, અને તેમના કાવ્ય, ન્યાય, તર્ક, વ્યાકરણ, અષ્ટાંગયોગ, અને અધ્યાત્મવાદની ખુશબો, તેમના ગહન ગ્રંથો દ્વારા કાશી, બનારસ સુધી પહોંચે છે, અને વિદ્વતા –જ્ઞાનના રસિયા કાશીના મહામહોપાધ્યાયો અને પંડિતો તેમને શાસ્ત્રવિશારદના મહાન બીરૂદ (પદવી) થી સન્માને છે. ધીમે ધીમે જૈનો ઉપરાંત હજારો મુસ્લીમો, અંત્યજો, મીરો, પારસીઓ, બ્રાહ્મણો, પાટીદારો, ઠાકરડા, ભીલ્લ, કોળી, તેમના અનન્ય ભક્ત બની રહેવામાં જીવન સાર્થક સમજે છે.

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

પછી તો શ્રીમદ્ પોતાના જ્ઞાનની પરબ કોઈ સંપ્રદાય પૂરતી અનામત ન રાખતાં વિશ્વ સમસ્તનાં પ્રાણી માત્ર માટે ખુલ્લી મૂકે છે અને પોતે સર્વનાં, વિશ્વનાં બની વિશ્વને પોતાનું બનાવે છે.

તેમનાં 'સર્વદર્શનમતસહિષ્ણુતા,' ગહન ગ્રંથાલેખન, વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનોના પરિમલ ઠેઠ વિદ્વદ્શ્રેષ્ઠ ગુર્જરેશ્વર શ્રીમંત સયાજીરાવ ગાયકવાડને મુગ્ધ કરે છે અને તેઓ શ્રીમદને પોતાના મોટા અમલદારોને મોકલી પોતાની પાસે વ્યાખ્યાન આપવા આવવા બહુ માનપૂર્વક આમંત્રે છે, અને લક્ષ્મીવિલાસ રાજમહાલયમાં એક ઉંચી પાટ પર તેમને વંદન સહિત પધરાવી પોતે વિનયપૂર્વક અનેક દરબારીઓ, વિદ્વાનો, શાસ્ત્રીઓ, અને રાજ્યકુટુંબની હાજરીમાં તેમનું 'આત્મોન્નતિ' એ વિષય પર કલાકો સુધી વ્યાખ્યાન સાંભળે છે, અને મહારાજા હર્ષાન્વિત બની બોલી ઉઠે છે કે, "આહા ! જો આવા થોડા વધુ સંતો ભારતમાં હોય તો દેશોદ્ધાર ઘણો નજીક આવે." અને બીજીવાર બોલાવી તેમને સાંભળે છે, અને તેમને ખાતરી થાય છે કે, છેલ્લાં હજાર વર્ષમાં ગુજરાતે પ્રગટાવેલાં નરરત્નોમાં તેમનું સ્થાન શ્રેષ્ઠ છે.

વિશ્વબંધુત્વજગકલ્યાણની ભાવનાભર્યા, ગુર્જરી-સ્વદેશના લાડીલા, શુદ્ધ ખાદીધારી, વિરલ વિચારક, સાચા સુધારક, શ્રીમદ પગપાળા, પોતાનો આત્મસંદેશ આપવા ગુજરાત, મારવાડ, મેવાડ, સૌરાષ્ટ્ર, દક્ષિણ, વગેરે પ્રદેશમાં ઘૂમી વળે છે. અનેક વિદ્વાનો. રાજવીઓ, ઠાકોરો, યુરોપિયનો, ક્રિશ્ચિયનો, સમાજીસ્ટો, થીઓસોફીસ્ટો, ધર્માચાર્યો, પંડિતો, મુમુક્ષુઓ, અને દરિદ્રનારાયણોના હૃદયદ્વારે પહોંચી તેમને પાત્રાનુસાર આત્મજ્ઞાનરસામૃત પાય છે; અલખની ધૂન મચાવે છે; મહાત્મા ગાંધીજી સાથે સ્વદેશોન્નતિની

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ગૂઢ વિચારણા ચલાવે છે; લાલા લજપતરાય, પંડિત માલવિયા, જેવાઓ સાથે દેશ અને ધર્મોન્નતિની વિચારણાઓ કરે છે; રાવબહાદુર રણછોડભાઈ ઉદયરામ, શ્રી કેશવ હર્ષદ ધ્રુવ, કવિ સમ્રાટ ન્હાનાલાલ વગેરે જેવા સમર્થ સાહિત્યાચાર્યો સાથે ગુર્જરગિરાના ઉત્કર્ષના ઉપાયો ચર્ચે છે; જૈનાચાર્યો, જૈન સાધુઓ અને જૈન નરનારીઓને શ્રી મહાવીરના સંદેશો સમજાવે છે; અને પોતે સર્વથી અલિપ્ત બની નિજાનંદ મસ્તીમાં વધુને વધુ ડૂબતા જાય છે

સાંપ્રદાયિક ભેદભાવની વજ્રદિવાલો તોડી સૌ સંપ્રદાયોના પ્રાણસમા આચાર્યો ને ભક્તો સાથે, પ્રભુ અને આત્માના અલખગાનની ધૂન મચાવે છે; શીઘ્ર કવિત્વશક્તિ, ઉગ્ર તત્ત્વચિંતન, સુકુમાર કલ્પનાશક્તિ અને ન્યાયતર્કયુક્ત શાસ્ત્રપારગામીપણાથી વિદ્વાનોને ચકિત કરે છે; રાત્રિદિવસ શંકાસમાધાન અને સ્વાનુભવજ્ઞાનામૃતની પરબે પોતાની તૃષા છીપાવવા જીવનમાર્ગના હજારો રસપિપાસુઓ તૃષાતુર બની આવે છે અને પોતાની તૃષા છીપાવે છે.

આજીવન પગપાળા પર્યટન, ચાતુર્માસમાં એકજ સ્થળે સ્થિરતા, અપરિગ્રહી (કોઇ આપે તેજ વસ્તુ વાપરનાર)–સાધુઆચાર અને પોતાના શિષ્યપરિવારના સંરક્ષક અને ત્યાગી. અવસ્થાના માત્ર ચોવીસ વરસના જ કાલાવધિમાં બારસો, હજાર, પાંચસો પૃષ્ઠના 'ડેમી' સાઈઝના યોગ, અધ્યાત્મ, ઉપનિષદ, વૈરાગ્ય, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, સ્વદેશ, સદ્બોધ, કુદરત વગેરે નાના મોટા શતાધિક ગ્રંથો લખી નાખે છે, ભજનોના ભંડાર ખુલ્લા મૂકી દે છે અને કાવ્યોના કેકારવથી ગુર્જરોદ્યાન ગજવી મૂકે છે. હજારો ભક્તજિજ્ઞાસુઓ તેમની આસપાસ હંમેશાં સ્થળે સ્થળેથી આકર્ષાઇ આવી જ્ઞાનામૃતપિપાસાથી તેમના મુખચંદ્રના ચાતક બની રહે છે. અંત્યજોના મહારાજ, મુસ્લિમોના ઓલિયા, હિંદુ-

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ઓના સંત, જૈનોના ગુરૂ, બાલકોના બાપજી, અને શિષ્યોના તારક, ઉદ્ધારક થઇ પડે છે સર્વ દર્શનના વિદ્વાનો, રાયરંક, તેમના સહવાસના અભિલાષી બને છે. જાહેર વ્યાખ્યાનોથી જનતાને નવચેતનવંત બનાવે છે. વિમલ છતાં વિદ્યુત્ શક્તિભરી તેમની જીવતી વાણીનો અજબ પ્રવાહ એકસમયાવચ્છેદે હજારોની શંકા સમાવે છે. નદી કિનારા, કોતર, ગિરિગુફા અને ભોંયરાઓમાં અલખની મસ્ત ધૂનમાં અષ્ટાંગયોગઆત્મપ્રભુથી એકતા સાધે છે. સાડા આઠ મણ વજનનું બાળબ્રહ્મચર્યનું જ્વલંત તેજે ઝળહળતું નારોગી શરીર કલાકો સુધી શીર્ષાસન કે અન્યાસનો કરતું જોનારને એમની આત્મશક્તિ નીરખવાની લહાણુ સાંપડી છે.

તેમણે પ્રથમ ચાતુર્માસ સુરત, પછી પાદરા, વિજાપુર, માણસા, મુંબઈ વગેરે મળી કુલ ચોવીસ ચાતુર્માસો ભિન્ન ભિન્ન સ્થળે ગાળ્યા છે. ત્યાં અને પ્રવાસમાં ગુજરાતી, અંગ્રેજી અંત્યજ-શાળાઓ, ધર્મશાળાઓ, ગુરૂકુળો, મંદિરો, પાઠશાળાઓ, બોર્ડીંગો, જ્ઞાનમંદિરો, સેનીટેરિયમો, પ્રગટાવવા પ્રયત્નો સેવ્યા છે અને તેમાં સફળ થયા છે, સંઘો કઢાવ્યા છે, તથા ધાર્મિક સામાજિક અને રાજકીય ઉત્કર્ષમાં અપ્રતિહત ઉપદેશ આપતા રહ્યા છે.

અધ્યાત્મજ્ઞાનપ્રચાર એ તેમનું મુખ્ય મીશન હોઈ તદર્થે એક મહામંડળની આવશ્યકતા જોઇ, તેમણે સં. ૧૯૬૪માં દેશના ખૂણે ખૂણેથી અનેક મુમુક્ષુઓને ભેગા કરી માણસામાં એક ‘ શ્રી અધ્યાત્મજ્ઞાનપ્રચારક મંડળ’ની સ્થાપના કરી હતી, અને તેજ મંડળે તેમના તમામ ગ્રંથો લક્ષાવધિ રૂપિયા ખરચીને પ્રગટ કર્યા છે. કેટલાય ગ્રંથોની પાંચ સાત આવૃત્તિઓ થઈ છે, અને બ્રિટિશ અને વડોદરા રાજ્યના કેળવણી ખાતાએ કેટલાય ગ્રંથો મંજુર કર્યા છે. આ મંડળ અત્યારે પણ સારી રીતે ચાલી રહ્યું છે.

આ પછી આ સરસ્વતીનંદન પોતાનું ‘મીશન’ ચાલુજ રાખે છે. તેમના સદ્બોધેલા અંત્યજો ઉત્તમ આત્મજાગૃત દશા

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મેળવવા લાગ્યા, મુસલમાનો હિંદુ જેવા બન્યા, દયાનો ઝંડો ફરકવા લાગ્યો, અને સર્વત્ર તેઓ એક મહાન યોગી, પ્રખર વકતા, મહાકવિ, સમર્થ પંડિતાચાર્ય, ગૂઢ વિચારક, સમયજ્ઞ સુધારક, અનેકવાદી વિજેતા, સબળ પરમતસહિષ્ણુ, સ્વપરસમયજ્ઞ, વચનસિદ્ધ શાસ્ત્રવિશારદ અને સમર્થ આચાર્ય તરીકે પ્રસિદ્ધિને પામે છે.

વિજાપુરમાં તેમના ઉપદેશથી પથ્થરનું એક ભવ્ય જ્ઞાનમંદિર તૈયાર થયું છે, જેમાં ધ્યાન માટે ભોંયરા તથા લક્ષાવધિની કિંમતનાં શ્રીમદે સંગ્રહેલાં ષડ્દર્શન, સર્વ ભાષનાં છાપેલાં હસ્તલિખિત તાડપત્રાદરનાં પ્રાચીન અર્વાચીન, સહસ્રાવધિ પુસ્તકો સંગ્રહાયેલાં છે. આ સર્વ અણમોલ સંગ્રહ શ્રીમદે વિજાપુરનાં શ્રી સંઘને સ્વાધીન કરી દીધો છે.

સં. ૧૯૮૧ માં શ્રીમદ પોતાનાં તમામ પુસ્તકો જલદી પ્રગટ કરવા આતુર જણાયા; અને સામટા સત્તાવીશ ગ્રંથો આઠ પ્રેસોને અપાયા. તમામની પ્રેસકોપીઓ જોઈ જવી, બીજાઓની મદદથી પ્રુફો તપાસવાં, પ્રસ્તાવનાઓ લખવી, આ બધું જાતેજ કરતા જાય અને કહેતા જાય કે "હવે વખત ભરાઇ ગયો છે, મહાપ્રયાણની તૈયારી છે;" પણ ભક્તો તે સાચું માનતા નહિ, કારણ આ વખતે તો જુદાંજુદાં ઠેકાણાંના કેટલાય સંઘો, ૧૯૮૧નું ચાતુર્માસ પોતાના શહેરમાં કરવા પધારવાને શ્રીમદ્‌ને આમંત્રવા આવ્યા હતા; અને શ્રીમદ્ તો તેમને કહેતા કે "ભાઇ! હવે કોણ ચાતુર્માસ કરવાનું છે?" છતાં આ અલમસ્ત યોગીના શબ્દો તેમને ગળે ન ઉતરતા. જેઠ મહિનાના પ્રારંભમાં શ્રીમદે સોળ પૃષ્ઠનો એક લાંબો પત્ર પોતાના ચુસ્ત ભકત પાદરાનિવાસી વકીલ મોહનલાલ હીમચંદ પર લખ્યો, જેમાં "મૃત્યુ એ એક

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

ધોરણમાંથી પાસ થઇ ઉપલા ધોરણમાં ચઢવા જેવું યા તો આત્મોન્નતિ ક્રમની એક ભૂમિકા ઉપર ચઢવા જેવું છે. હું પરવારી ગયો છું સમય નિકટ છે, તમો પણ ચેતજો" (આ પત્ર પત્રસદુપદેશ ભાગ ત્રીજામાં છપાયો છે) વગેરે. અને વકીલજી પણ સહકુટુંબ મહુડી, (મધુપુરી–વિજાપુરથી ચાર કોશ) ગુરૂ-સેવામાં હાજર થઇ ગયા. મહેસાણાનિવાસી મોહનલાલ ભાંખરિયા પણ સહકુટુંબ સેવામાં હતાજ. જેઠ શુદિ પૂર્ણિમા (મૃત્યુ પૂર્વે ત્રણ દિવસ) સુધી તો 'કક્કાવલિ સુબોધ' ગ્રંથ તેઓ લખતા હતા. પોતાનું મૃત્યુ યોગીઓજ પહેલેથી જાણી શકે છે. બીજને દિવસે તેમણે એક વિદ્વાન જોશીને બોલાવીને, રાજયોગ કયારે છે, તે પૂછતાં જેઠ વદિ ત્રીજ (બીજેજ દિવસે) સવારે આઠ અને નવની વચ્ચે બતાવ્યો. મધુપુરી બહુજ નાનું ગામ હોવાથી સૌના આગ્રહથી ત્રીજના પ્રાતઃકાળે **શ્રીમદ્** વિજાપુર પહોંચી ગયા, અને "ૐ **અર્હમ્** મહાવીર" તેમનો હંમેશનો પ્રિય ઘોષ ઉચ્ચારવા લાગ્યા. આ વખતે તેમના પટ્ટશિષ્ય અનેક ગ્રંથાલેખક વિદ્વાન આચાર્ય શ્રી અજીતસાગરસૂરિ તથા અન્ય સાધુશિષ્યો, સાધ્વી શિષ્યાઓ તથા હજારો ભક્તો હાજર હતા. વકીલજી તેમની પાસેજ હાજર હતા. "કોઇને કાંઇ પૂછવું છે? આવવાનું કોઇ બાકી છે? એમ પૂછતાં વકીલ મોહનલાલભાઇને નેત્ર સંકેતથી સૂચવતાં શિષ્ય અને ભકત સમુદાય સાવધ થઇ ગયો, અને શ્રીમદ્દે અંતિમ ઉપદેશ આપવો શરૂ કર્યો, ત્યારે સૌ આ મહા-પ્રયાણ સાચું માનવા લાગ્યા કે ખરેખર વખત ભરાઈ ચુકયો હતો. આ વખતે ગુરૂભકિતમાં વર્ષોથી સમર્પાઇ જઇ સેવામાં રહે-નાર પ્રાંતીજવાસી ડો. માધવલાલ હાજર હતા. સૌને છેલ્લા આશીર્વાદ દઈ ૐ **અર્હમ્** ના ઉચ્ચાર સહિત શ્રીમદ્ વિરમ્યા. તેમના મુખ ઉપર અલૌકિક હાસ્ય અને પ્રકાશ પ્રગટયાં, નેત્ર મીંચાયાં, અને બીજીજ ક્ષણે ખુલી ગયાં. બાજી સંકેલાઈ. જેઠ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

વદિ ત્રીજે સવારે સાડાઆઠ વાગે, રાજયોગમાં અદ્ભુત પ્રકાશ પાથરતો ઉજ્જવળ દીપક બુઝાયો અને સર્વત્ર શોક અને હાહાકાર છવાયાં. મૃત્યુ સમયે અને તે પછી ચોવીસ કલાક પર્યંત તે મુખશ્રીપર વિલસતું હાસ્ય અને પ્રકાશ કયાંય ન જણાયલાં એવાં હતાં, એમ ડોકટરો જણાવે છે. આમ આ મહાપુરૂષની જીવનલીલા સમેટાઇ. હસતે મુખડે મૃત્યુને ભેટનાર આ આત્મામસ્ત અવધૂત વીરકેસરી સુભટ અનંતધામે પરવર્યા; અને આજન્મ ગુર્જરીની આરાધના કરનાર, ગુર્જરીનો શહીદ, સમર્થ વિદ્વાન યોગી, ગુર્જરી પૂજનમાં જ ખપી ગયો.

તેઓશ્રીનાં અંગલક્ષણો ચમત્કારિક હતાં, કપાળમાં ચંદ્ર, કમર સુધી પહોંચતા આજાનબાહુ (હાથ), હાથપગનાં આંગળામાં અઢાર ચક્ર, વિશાળ બળવાન સાડાઆઠ મણ વજનનો દેહસ્થંભ, ભવ્ય મુખમુદ્રા, પહાડી અવાજ, એક સાચા યોગી તરીકે તેમને વ્યકત કરતાં.

મહાન્ગચ્છાધિપતિ, આચાર્ય હોવા છતાં, રાજાઓ, ઠાકોરો શ્રીમંતો અને વ્યાપારીઓ ભકત હોવા છતાં, તેમણે કિંમતી કપડાં કે કામળ કદી વાપર્યાં નથી, પણ આજીવન ખાદી જ વાપરી હતી. કદી પણ અઢેલીને બેઠા નથી, દિવસે નિદ્રા લીધી નથી, મુખવાસ કદી વાપર્યો નથી. સ્ત્રીવર્ગ સાથે પરિચય કે પત્રવ્યવહાર કર્યો નથી. સ્વાદિષ્ટ ભોજન નીરસ કર્યા વિના વાપર્યું નથી. એક જ પાત્રમાં તમામ આહાર આવતો અને વપરાતો. લેખન, વાચન, ધ્યાન, પ્રવાસ, ધર્મચર્ચા અને ઉપદેશ સિવાય અન્ય કાર્યનિંદા, વિકથા કે ડાકડમાલમાં તેઓ કદી પડયા નથી. વિલાયતી દવા કદી વાપરી નથી. સરળ, દંભરહિત, નમ્ર, શાંત, સંપીલું, પ્રેમભર્યું, સાત્ત્વિક યોગીજીવન હંમેશાં ગાળ્યું છે

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રીમદ્દે એકસોદસ મહાગ્રંથો ત્યાગી અવસ્થામાં લખી ગુર્જર સાહિત્ય સમૃદ્ધ કર્યું છે. વાંચ્યું, સાંભળ્યું કે જાણ્યું નથી ઈતિહાસે કે કોઈ ત્યાગી સંતે ચોવીસ વરસના પરિમિત કાલાવધિમાં અનેક વ્યવહારો સાચવતાં છતાં આટલી ભાષાઓમાં આટલા ગહન વિષયના એકસોદસ ઉપરાંત ગહાગ્રંથોનાં સર્જન કર્યાં હોય.

એમનાં ગૃહસ્થજીવન, કવિજીવન, સાધુજીવન, ભક્તજીવન, પ્રેમજીવન, પંડિતજીવન, આધ્યાત્મિક જીવન, મસ્તફકીરીજીવન, યોગીજીવન, ત્યાગીજીવન, આદિપર તો પૃથક્ પૃથક ગ્રંથો ભરાય. આ અતિ સંક્ષિપ્ત જીવનમાં શું લખાય? છતાં કવિ પ્રેમાનંદની માફક આ સંતે માતૃભાષાને અન્ય સમોવડી જ નહિ પણ ઉત્તમસ્થાનાલંકૃત કરવાનો સંકલ્પ શતાધિક ગ્રંથાલેખનથી પોતાની હૈયાતીમાં જ પૂર્ણ કર્યો. કવિ પ્રેમાનંદનો સંકલ્પ અધુરો જ રહ્યો જાણ્યો છે.

તેમના ગ્રંથો દર્શન કરવા યોગ્ય છે. એ ગુર્જરીની આરાધનાનો પુનિત અવશેષ અત્રે હાજર છે. ગુર્જરીના પૂજકો, વિદ્વાનો, વિદુષીઓ! તે જુઓ, અને ગુર્જરીના આ લાડીલાના મોંઘામૂલા વારસાને તમારો કરો.

મહાગુજરાત ગુર્જરીના આ ભકત, શહીદ, સંતના મહામૂલા આરાધન પ્રત્યે કેટલું બેદરકાર છે, તે કદાચ અમરાપુરીની અટારીએ રહી શ્રીમદ્ જોતા હશે? એમના અમર આત્માને શાંતિ હો!

ગુર્જરીનો જયશ્રીરંગ

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી મહાવીર પ્રિન્ટિંગ વર્ક્સ.
૪૫ ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા • ભાવનગર •

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com